
RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 15-08-2026 I VOL : 12 I Issue : 151 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008




3  'ઇમ્યુનિટી'ના નામે લૂંટ ચાલતી રહી ને તંત્ર ઊંઘતું રહ્યું! લોકોમાં રોષ પછી આખરે FSSAI...

4  દક્ષિણ ચીની સમુદ્રમાં ચીને લશ્કરી મથકો બનાવ્યાં : જિનપિંગે...

6  મહાભારતના પાત્ર પરથી પ્રેરિત ફિલ્મમાં આંખે પાટા બાંધી ફાઈટ કરશે તાપસી

7  ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણી: કેપ્ટન શુભમન ગિલની 'અગ્નિપરીક્ષા'

### સ્વતંત્રતા દિવસ પહેલાં રાષ્ટ્રના નામે રાષ્ટ્રપતિનો સંદેશ

# આપણે 2047 સુધીમાં વિકસિત ભારતનો લક્ષ્યાંક લઈને આગળ વધી રહ્યા છીએ: મુર્મૂ

## સિંધુ જળ સંધિ મુલતવી રાખવી યોગ્ય પગલું:તેનો ફાયદો આપણા ખેડૂતોને થશે: રાષ્ટ્રપતિ

નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ દેશને સંબોધિત કર્યો. તેમણે કહ્યું- આતંકવાદને આશ્રય આપનારા દેશ સાથે સિંધુ જળ સંધિને મુલતવી રાખવી એ ખેડૂતો માટે એક નિર્ણાયક પગલું છે. આપણે 2047 સુધીમાં વિકસિત ભારતનો લક્ષ્યાંક લઈને આગળ વધી રહ્યા છીએ. નાગરિકો રાષ્ટ્ર માટે સદાય જાગરત રહે. તેમણે વધુમાં ઉમેર્યું કે આજનો દિવસ આપણે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઉજવીએ છીએ. કોમી હિંસાના કારણે લાખો લોકોને શરણાર્થી બનવું પડ્યું હતું. છતાં તેમણે પોતાની ઓળખ છોડી ન હતી. રાષ્ટ્રપતિએ કહ્યું- આજનો દિવસ આપણે વિભાજન વિભીષિકા દિવસ તરીકે ઉજવીએ છીએ. સાંપ્રદાયિક હિંસાને કારણે લાખો લોકોને શરણાર્થી બનવું પડ્યું. તેમ છતાં તેમણે પોતાની ઓળખ છોડી નહીં. આપણું બંધારણ જનભાગીદારી પર આધારિત છે. તે ભાવનાને આપણા દેશવાસીઓ આગળ વધારી રહ્યા છે તે આપણી લોકશાહીની સિદ્ધિ છે. હવેથી થોડા જ કલાકો પછી, આપણા દેશની સ્વતંત્રતાના 80મા વર્ષનો શુભારંભ



થશે. દેશ-વિદેશમાં રહેતા તમામ ભારતીયો આ પર્વ ઉલ્લાસ સાથે ઉજવે છે. આપણો તિરંગો આપણી સ્વતંત્રતાનું પ્રતીક છે. તેને આપણે પૂરી શાનથી ફરકાવીએ છીએ. દ્રૌપદી મુર્મુએ કહ્યું- 15 ઑગસ્ટ 1947ના રોજ ભારતમાતા પરાધીનતાની બેડીઓમાંથી મુક્ત થયાં. તમામ દેશવાસીઓ સ્વતંત્ર ભારતના ભાગ્યના નિર્માતા બન્યા. નિષ્ઠાવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો, વિકાસ માટે તત્પર વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો, આરોગ્ય સેવામાં કાર્યરત ડોકટરો અને આરોગ્યકર્મીઓ, મહેનતુ શ્રમિકો અને અન્નદાતા ખેડૂતો, પોતાના પ્રયાસોથી રાષ્ટ્ર નિર્માણ કરી રહ્યા છે. અન્ય ક્ષેત્રોમાં સક્રિય, અસંખ્ય દેશવાસીઓ, તથા બંધારણમાં સમાવિષ્ટ, મૂળભૂત ફરજોનું પાલન કરનારા તમામ નાગરિકો, રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભાગીદાર છે. હું તે સૌની હૃદયપૂર્વક પ્રશંસા કરું છું. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું- ન્યાયિક વ્યવસ્થા સાથે જોડાયેલા દરેક વ્યક્તિની આ ફરજ છે કે તે સુનિશ્ચિત કરે કે સંસાધનોની અછતને કારણે કોઈને પણ ન્યાયથી વંચિત ન રહેવું પડે. આતંકવાદને આશ્રય આપનાર દેશ સાથે સિંધુ જળ સંધિને સ્થગિત કરવી એ રાષ્ટ્રીય હિતમાં, ખાસ કરીને ખેડૂતો માટે, એક નિર્ણાયક પગલું છે.

## એક નજર...

### સોનમ બાજવાએ જીમ લુકમાં ફ્લોન્ટ કરી પરફેક્ટ બૉડી



સોનમ બાજવા અવારનવાર સોશિયલ મીડિયા પર ફોટો અને વીડિયો શેર કરતી રહે છે. સોનમની લેટેસ્ટ તસવીરો હવે ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે.સોનમ બાજવાએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોતાની તસવીરો શેર કરી છે જેમાં તે ખૂબ જ હોટ લાગી રહી છે. તેણે આ ફોટોશૂટ જીમ લુકમાં કરાવ્યું છે, જેમાં તે પરફેક્ટ બોડી ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે.

## NEWS TRACK

### અમેરિકાના સૌથી મોટા દુશ્મન બનશે ભારતના મહેમાન, BRICS સમિટમાં ભાગ લેશે

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન આવતા મહિને ભારત પ્રવાસે આવી રહ્યા છે. તેઓ નવી દિલ્હીમાં 12-13 સપ્ટેમ્બરના રોજ યોજાનારી BRICS શિખર પરિષદમાં ભાગ લેશે. ઈરાને શુક્રવારે તેમની આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરી છે. આ વર્ષે BRICS પરિષદનું અધ્યક્ષપદ ભારત સંભાળી રહ્યું છે અને આ સંમેલન નવી દિલ્હી ખાતે યોજાશે. ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન(Masoud Pezeshkian)નો આ ભારત પ્રવાસ એવા સમયે યોજાઈ રહ્યો છે જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવની સ્થિતિ છે. આ મુલાકાત દરમિયાન ભારત અને ઈરાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો તેમજ પ્રાદેશિક સ્થિતિ અંગે ચર્ચા થવાની શક્યતા છે. ભારત સતત પશ્ચિમ એશિયામાં તણાવ ઓછો કરવા અને તમામ પક્ષો વચ્ચે વાતચીત દ્વારા શાંતિપૂર્ણ ઉકેલ લાવવાની હિમાયત કરતું રહ્યું છે. ઈરાન વર્ષ 2024માં BRICSનું પૂર્ણ સભ્ય બન્યું હતું અને ત્યારથી તે આ સંગઠન દ્વારા આર્થિક તથા રાજકીય સહયોગ વધારવા પર ભાર આપી રહ્યું છે.

### 'ચીનને ટેરિફથી બચાવવા ભારત સહિત 40 દેશો મદદ કરી રહ્યાં છે...', અમેરિકાનો ગંભીર આરોપ

અમેરિકાએ ભારત સહિત દુનિયાના 40થી વધુ દેશો પર એક મોટો આરોપ લગાવ્યો છે. અમેરિકાનું કહેવું છે કે આ દેશો ચીનને તેના પર લાગતા ભારે ટેરિફમાંથી બચાવવામાં મદદ કરી રહ્યા છે. આ માટે ચીન એક 'ગુપ્ત માલ વહન નેટવર્ક' (Shadow Transshipment Network) ચલાવી રહ્યું છે, જેમાં ચીનની વસ્તુઓ પહેલા ભારત કે અન્ય દેશોમાં મોકલવામાં આવે છે અને ત્યાંથી આ દેશોના નામે અમેરિકામાં વેચવામાં આવે છે. વ્હાઈટ હાઉસના વેપાર સલાહકાર પીટર નવારકાએ તેમના રિપોર્ટ 'ધ ગ્રેટ ટ્રાન્સશિપમેન્ટ સ્કેમ'માં આ ખુલાસો કરતા દાવો કર્યો છે કે આ રીતે ચીન અમેરિકાના કડક વેપાર નિયમો અને ટેરિફથી બચી રહ્યું છે. શું છે 'ધ ગ્રેટ ટ્રાન્સશિપમેન્ટ સ્કેમ' અને ક્યારથી શરૂ થયું? રિપોર્ટ અનુસાર, વર્ષ 2018માં જ્યારે તત્કાલીન ટ્રમ્પ વહીવટીતંત્રે ચીન પર અન્યાયી વેપાર નીતિઓ બદલ કલમ 301 હેઠળ ભારે ટેરિફ લાદ્યા હતા, ત્યારથી ચીને ટેરિફથી બચવા માટે આ ગેરકાયદેસર રસ્તો અપનાવ્યો હતો. પીટર નવારકાએ દાવો કર્યો છે કે આ ગેરકાયદેસર ટ્રાન્સશિપમેન્ટનું વાર્ષિક મૂલ્ય $40 અબજથી $303 અબજ (લગભગ 3.3 લાખ કરોડથી 25 લાખ કરોડ) વચ્ચે હોવાનું અનુમાન છે.

### રાહુલ ગાંધીને મોટી રાહત, SCએ રદ કર્યો સાવરકર સાથે જોડાયેલો માનહાનિનો કેસ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને યુપીમાં નોંધાયેલા ગુનાહિત માનહાનિના કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. અદાલતે શુક્રવારે આ કેસને રદ કરી દીધો. આ ખાનગી ક્રિમિનલ ફરિયાદમાં કોંગ્રેસ સાંસદ પર વીડી સાવરકરને બદનામ કરી સાંપ્રદાયિક અશાંતિ ફેલાવવાનો આરોપ લગાવાયો હતો. હકીકતમાં રાહુલ ગાંધીએ ટ્રાયલ કોર્ટના એ આદેશને પડકાર્યો હતો જેમાં તેમને IPCની કલમ 153-A (સમુદાય વચ્ચે દુશ્મની પેદા કરવી) અને 505 હેઠળ અપરાધો માટે ટ્રાયલનો સામનો કરવાનું કહેવામાં આવ્યું હતું અલાહાબાદ હાઈ કોર્ટ દ્વારા કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કર્યા બાદ રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. શુક્રવારે સુનાવણી દરમિયાન જસ્ટિસ દત્તાએ પૂછ્યું કે શું રાજ્ય સરકારે કેસ ચલાવવાની મંજૂરી આપી છે. આની પર રાજ્ય તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ નટરાજે જવાબ આપ્યો કે કોઈ મંજૂરી નથી આપવામાં આવી.

### સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ લાલ કિલ્લો સુરક્ષા છાવણીમાં ફેરવાયો



રાજધાની દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે ત્યારે પાટનગર દિલ્હીના લાલ કિલ્લાથી લઈને તમામ રાજ્યોના મહાનગરોને પણ સુરક્ષાની દૃષ્ટિએ એલર્ટ રહેવાની સાથે સેલિબ્રેશન માટે સજ્જ બની ગયા છે. સેલિબ્રેશનને શાનદાર બનાવવા માટે તૈયારીઓને હવે આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ માહોલ વચ્ચે ખાસ તો સુરક્ષા વ્યવસ્થા પર પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. લાલ કિલ્લો સુરક્ષા છાવણીમાં ફેરવાઈ ગયો છે.

### ચમોલી ટનલ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 7 મજૂરોના મોત; 18નો બચાવ, રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ

ચમોલી

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા પીપલકોટી વિસ્તારમાં ગઈ કાલે સાંજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ વિસ્તારમાં આવેલ HCC સાઈટ પર નિર્માણાધીન ડીઆરટી ટનલ ધરાશાયી થઈ છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કુલ 7 મજૂરોના મોત થયાં છે. જ્યારે 18 મજૂરોનું રેસ્ક્યુ કરી લેવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે હજી પણ બચારકાર્ય અને શોધખોળ કરવામાં આવી રહી છે. હજી પણ અંદર મજૂરો હોવાની આશંકા સાથે સુરક્ષાદળો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ દુર્ઘટના ગુરૂવારે સાજે સાત વાગ્યે હાઈડ્રો પ્રોજેક્ટની ટનલની અંદરના પોલાણમાંથી અચાનક કાટમાળ અને પાણીનો મોટો જથ્થો બહાર નીકળી ગયો, જેના કારણે અંદર કામ કરતા કામદારો ફસાઈ ગયા હતાં. આ મામલે જાણ થતાની સાથે એસડીઆરએફ , એનડીઆરએફ, જિલ્લા વહીવટી તંત્રની ટીમ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. કાટમાળ વધારે જમા થયો હોવાથી રાત્રે રેસ્ક્યુ ઓપરેશન બંધ કરી દેલવામાં આવ્યું હતું, પરંતુ બાકી લોકોના મૃતદેહને બહાર કાઠવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

### 2047 સુધીમાં ભારત વિકસિત દેશ નહીં બની શકે: વાંગચુક

લેહ

એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે ભારતની માથાદીઠ આવકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો વર્તમાન સ્થિતિ ચાલુ રહેશે તો 2047 સુધીમાં ભારત વિકસિત દેશ નહીં બની શકે. વાંગચુકના મતે શ્રીલંકા-બાંગ્લાદેશ જેવા દેશો ભારતથી આગળ નીકળી ગયા છે. દેશને યોગ્ય નેતૃત્વ પસંદ કરવા માટે શાંતિપૂર્ણ ક્રાંતિની જરૂર છે. તેમણે મોડી રાત્રે એક વીડિયો કર્યો. તેમાં તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત સારી નહોતી. આ દરમિયાન તેમણે દેશ અને તેના ભવિષ્ય વિશે ઘણું વિચાર્યું. 50 વર્ષ પહેલાં ભારતથી પાછળ અને બરાબર રહેલા ઘણા પડોશી દેશો હવે ઘણા આગળ નીકળી ગયા છે. થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને બાંગ્લાદેશ તેના ઉદાહરણ છે. જો ભારતને 2047 સુધીમાં દુનિયામાં એક સન્માનિત દેશ બની રહેવું હોય, તો મોટા ફેરફારોની જરૂર છે.

દેશમાં શાસન અને વ્યવસ્થા સંબંધિત સમસ્યાઓને કોઈ એક રાજકીય પક્ષ પૂરતી મર્યાદિત કરી શકાતી નથી. અલગ-અલગ પક્ષોની સરકારો દરમિયાન પણ વિરોધના અવાજોને દબાવવામાં આવ્યા છે.

### મોંઘવારીનો ડબલ ડોઝ: સરકારી આંકડામાં માત્ર કાગળ પર રાહત, સામાન્ય જનતાના ખિસ્સા ખાલી

નવી દિલ્હી

સરકાર દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા કામચલાઉ આંકડા અનુસાર, 2022-23ને આધાર વર્ષ ગણીને, ભારતનો જથ્થાબંધ ભાવ સૂચકાંક(WPI) આધારિત ફુગાવાનો દર જુલાઈ 2026માં સામાન્ય ઘટીને 9.78 ટકા રહ્યો છે, જે અગાઉના મહિને જૂનમાં 9.87 ટકા નોંધાયો હતો. એટલે કે, જથ્થાબંધ ફુગાવાના દરમાં હળવો ઘટાડો થયો છે, પરંતુ તે હજુ પણ ઊંચા સ્તરે યથાવત્ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, જુલાઈમાં તમામ વસ્તુઓનો જથ્થાબંધ ભાવ સૂચકાંક 110.0 હતો, જ્યારે જૂન 2026માં તે 110.2 હતો. સમગ્ર સૂચકાંકમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો હોવા છતાં, અસંખ્ય મુખ્ય શ્રેણીઓમાં ભાવનું દબાણ યથાવત રહ્યું છે. પ્રાથમિક વસ્તુઓ (Primary Articles): જુલાઈ દરમિયાન ફુગાવાનો દર વધીને 8.52 ટકા નોંધાયો હતો, જે જૂનમાં 7.00 ટકા હતો. જુલાઈમાં તેનો સૂચકાંક 117.2 રહ્યો હતો (જૂનમાં 116.1). ઉત્પાદિત ઉત્પાદનો (Manufactured Products): ફુગાવાનો દર વધીને 8.29 ટકા થયો છે, જે જૂનમાં 7.48 ટકા હતો. જુલાઈમાં તેનો સૂચકાંક 108.4 રહ્યો હતો (જૂનમાં 107.8). 'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં CBIના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોટ બળતણ અને ઊર્જા (Fuel & Power): આ શ્રેણીમાં ફુગાવાનો દર જૂનના 27.41 ટકાથી ઘટીને 20.05 ટકા પર આવી ગયો છે, પરંતુ તે હજુ પણ ખૂબ ઊંચા સ્તરે છે. જુલાઈમાં તેનો સૂચકાંક 105.4 રહ્યો હતો (જૂનમાં 111.1). સરકારી આંકડા મુજબ, જુલાઈમાં જથ્થાબંધ ફુગાવો વધારવામાં મુખ્યત્વે ખનિજ તેલ(પેટ્રોલિયમ ઉત્પાદનો), ખાદ્ય વસ્તુઓ, બેસિક મેટલ્સ, નોન-ફૂડ પ્રાઈમરી પ્રોડક્ટ્સ, ખાદ્ય ઉત્પાદનોનું ઉત્પાદન તેમજ રસાયણો અને રાસાયણિક ઉત્પાદનો જવાબદાર રહ્યા હતા. ખાસ કરીને WPI ફૂડ ઈન્ડેક્સમાં ફુગાવો વધ્યો છે. જુલાઈ 2026માં ખાદ્ય ફુગાવો 6.65 ટકા રહ્યો હતો, જે જૂન 2026માં 6.14 ટકા હતો. આ દર્શાવે છે કે, ખાદ્ય વસ્તુઓના ભાવનું દબાણ હજુ પણ યથાવત્ છે. મંત્રાલયે મે 2026ના આંકડામાં પણ સુધારો કર્યો છે.

### હું પણ વિદ્યાર્થી રહ્યો છું, વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શનનો સંપૂર્ણ અધિકાર: CJI



હૈદરાબાદ

સુપ્રીમ કોર્ટે શુક્રવારે હૈદરાબાદની લો યુનિવર્સિટી, NALSAR સાથે સંકળાયેલા વિવાદને લઈને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને ફટકાર લગાવી. CJI સૂર્યકાંતે કહ્યું કે આ વિદ્યાર્થીઓ અને મારી વચ્ચેની વાતચીત છે, BCI તેમાં દખલ કરનાર કોણ હોય છે? CJI સૂર્યકાંતે BCIના તે સર્ક્યુલર પર નારાજગી વ્યક્ત કરી જેમાં NALSARના 2026 બેચના લો ગ્રેજ્યુએટ્સનું વકીલ તરીકે એનરોલમેન્ટ રોકવા માટે કહેવામાં આવ્યું હતું. CJIએ કહ્યું- આ બિલકુલ કોઈ કારણ વીનાનું હતું. કોર્ટે આ અંગે BCIને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે NALSARના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી વિરુદ્ધ કોઈ દંડાત્મક કાર્યવાહી ન કરવાનો આદેશ આપ્યો. NALSARના લગભગ 450 વિદ્યાર્થીઓએ CJI સૂર્યકાંતને યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ બનાવવાનો વિરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પ્રશાસનને પત્ર લખીને આમંત્રણ પાછું ખેંચવાની માંગ કરી હતી. આ વિરોધ CJIની હાલની તે ટિપ્પણીઓને લઈને હતો, જેને વિદ્યાર્થીઓએ પ્રદર્શનકારીઓ સાથે સંકળાયેલા એક કેસની સુનાવણી દરમિયાન કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

### અંક બંધ

**તારીખ 15 ઓગસ્ટ સ્વાતંત્ર પર્વ નિમિત્તે પાક્કો ગુજરાત કાર્યાલય રજા પાળશે. જેથી 16 ઓગસ્ટનો અંક પ્રસિદ્ધ થશે નહી. તા. 17 ઓગસ્ટથી રાબેતામુજબ અંક પ્રસિદ્ધ થશે. જેની સૌ વાચક મિત્રો, વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવી.**

**- તંત્રી**

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગોધરાના બામરોલી ખુર્દ ગામે ઘૂંટણસમા પાણીમાંથી અંતિમયાત્રા કાઢવા ગ્રામજનો મજબૂર, નાળુ બનાવવાની ઉગ્ર માગ

**ગોધરા**

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના બામરોલી ખુર્દ ગામમાંથી તંત્રની પોલ ખોલતા અત્યંત કરુણ દ્રશ્યો સામે આવ્યા છે. ગામમાં સ્મશાન સુધી પહોંચવા માટે યોગ્ય રસ્તો ન હોવાના કારણે ચોમાસાના દિવસોમાં ગ્રામજનોને પોતાના સ્વજનની અંતિમયાત્રા પણ ઘૂંટણસમા નદીના પાણીમાંથી કાઢવાની નોબત આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોધરાના બામરોલી ખુર્દ ગામે ચોમાસા દરમિયાન નજીકમાંથી પસાર થતી મેશરી નદીના પાણી ગામના મુખ્ય માર્ગ અને સ્મશાન તરફ જતા રસ્તા પર ફરી વળે છે. રસ્તા પર પાણી ભરાઈ જતાં સ્થાનિક રહીશોને રોજબરોજની અવરજવર માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સૌથી ગંભીર બાબત તો એ છે કે, ગામમાં કોઈનું અવસાન થાય ત્યારે સ્મશાનગૃહ સુધી પહોંચવા માટે ઘૂંટણસમા પાણીમાંથી પસાર થવું પડે છે. ગામલોકોનો ગંભીર આક્ષેપ છે કે, આ કોઈ એક વર્ષની સમસ્યા નથી, વર્ષોથી દર ચોમાસે આ જ ભયાનક પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ અંગે સ્થાનિક તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. અધિકારીઓની આ ઘોર ઉદાસીનતાને કારણે સ્થાનિકોમાં આક્રોશ વ્યાપી ગયો છે.

## સુરત જાહેરમાં આરોપીઓને માર મારવાનો મામલો; હાઈકોર્ટે DCP નકુમની બદલી કરવા સરકારને આપ્યો આદેશ

**સુરત**

સુરતમાં આરોપીઓને જાહેર રસ્તા પર માર મારવાના અને તેનું સરઘસ કાઢવાના ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. આ મામલે લેવાયેલી સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સુરતના ડીસીપી (DCP) રાજદીપસિંહ નકુમની તાત્કાલિક અસરથી બદલી કરી દેવા રાજ્ય સરકારને આદેશ આપ્યો છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસે સરકાર અને પોલીસ તંત્ર સામે આકરી ટકોર કરતા જણાવ્યું હતું કે, 'પ્રાથમિક તપાસ અહેવાલને યોગ્ય પગલાં લીધા પછી જ ધ્યાને લેવામાં આવશે. હજુ સુધી જવાબદાર અધિકારીને એ જ જગ્યા પર કેમ રાખવામાં આવ્યા છે? જ્યા સુધી તમે સિનિયર પોલીસ અધિકારીને તેમની જગ્યા પરથી હટાવશો નહીં, ત્યાં સુધી તેમની તાબા હેઠળના નાના અધિકારીઓ કે કર્મચારીઓ સાક્ષી તરીકે કશું પણ કહેવાની હિંમત કરશે નહીં. સિનિયર અધિકારી સામે કોઈ નાનો કર્મચારી વિરુદ્ધમાં નહીં બોલે, તેથી પહેલાં તેમની બદલી કરો અને પછી તપાસ આગળ ધપાવો.'

હાઈકોર્ટે ઘટનાની ગંભીરતા નોંધતા ચીફ જસ્ટિસે ઉમેર્યું હતું કે, આ ઘટના અત્યંત ગંભીર છે. જાહેર વિસ્તારમાં બનેલી આ ઘટનાના વીડિયો લોકોએ સોશિયલ મીડિયા પર જોયા છે, જેનાથી લોકોને ભારે આઘાત લાગ્યો છે. આ સ્વીકારી શકાય નહીં. આ ઘટના કેમ બની અને કોણે કરી તેની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે, પરંતુ તે માટે સૌપ્રથમ સિનિયર અધિકારીની બદલી કરવી અનિવાર્ય છે. સરકારે કોર્ટને એવી વિનંતી કરી હતી કે કોર્ટ આજ પુરતા કોઈ નિર્દેશો ન કરે સરકાર આવતા અઠવાડિયે તેનું અમલ કરશે. જોકે, કોર્ટે વધુ સુનાવણી આવતા સપ્તાહે મુલતવી રાખી છે.

કોર્ટમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે ગૃહવિભાગે વર્ષ 21મી મે 2019માં પરિપત્ર બહાર પાડયો છે.

## વડોદરા રેલવે સ્ટેશન પર પાર્કિંગ ચાર્જ મુદ્દે રિક્ષા ચાલકોનું ઉગ્ર વિરોધ પ્રદર્શન

**વડોદરા**

વડોદરા પશ્ચિમ રેલવે સ્ટેશન ખાતે રિક્ષા અને ટેક્સી કાર પાર્કિંગના ચાર્જ મુદ્દે રિક્ષા ચાલકોએ ફરી એકવાર વિરોધ નોંધાવ્યો છે. પાર્કિંગ ચાર્જના વિરોધમાં ત્રણ રિક્ષા યુનિયનોના સભ્યો રેલવે સ્ટેશન પરિસરમાં એકત્ર થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. રેલવે દ્વારા રિક્ષા માટે રૂ.10 અને ટેક્સી કાર માટે રૂ.20 પાર્કિંગ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ટેશન પરિસરમાં સિંગલ એન્ટ્રી ટિકિટ બે કલાક સુધી માન્ય રહેશે. બે કલાક બાદ દરેક બે કલાકના સમયગાળા મુજબ ચાર્જ ચૂકવવાનો રહેશે. રિક્ષા યુનિયનના આગેવાનો દ્વારા આ ચાર્જનો સ્પષ્ટ વિરોધ કરવામાં આવ્યો હતો. યુનિયનનું કહેવું છે કે, "એક રૂપિયો પણ ચૂકવીશું નહીં. અગાઉના કોન્ટ્રાક્ટરને ભગાવ્યો હતો અને આવનાર કોન્ટ્રાક્ટરને પણ ભગાવીશું." રિક્ષા ચાલકોએ જણાવ્યું હતું કે રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને રિક્ષા-ટેક્સી ચાલકોની રોજગારીને ધ્યાનમાં રાખીને પાર્કિંગ માટે યોગ્ય જગ્યા ફાળવવી જોઈએ. રિક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, સ્ટેશન પર મુસાફરોને લેવા-મૂકવા આવતા વાહનો પાસેથી પાર્કિંગ ચાર્જ વસૂલવાથી તેમની રોજગારી પર સીધી અસર પડશે. જેથી ચાર્જની વ્યવસ્થા પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે.

યુનિયનોએ ચેતવણી આપી છે કે જો પાર્કિંગ ચાર્જનો નિર્ણય પરત ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર જીવંત વીજ વાયર રોડ પર ત્રાટકતાં અફરાતફરી

**જામનગર**

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર સોયલ ટોલનાકા નજીક ધ્રાંગડા ગામના પાટિયા પાસે 11 કેવીની વીજ લાઇનનો તાર અચાનક તૂટી રોડ પર પડતાં અફરાતફરી મચી ગઈ હતી. વીજ પ્રવાહ ચાલુ હોવા છતાં જીવંત વાયર રોડ પર પડ્યો હોવાથી વાહનચાલકોમાં ભય ફેલાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રાંગડા ગામના પાટિયા પાસે ગઈકાલે બપોર પછી પીજીવીસીએલની 11 કેવીની વીજ લાઇનનો વાયર તૂટી પડ્યો હતો. જીવંત વીજ વાયર રોડ પર પડતાં વાહનોની અવરજવર જોખમી બની હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી તાત્કાલિક વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. જેના કારણે માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનચાલકોને અટવાવાની ફરજ પડી હતી.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, જીવલેણ બની શકે તેવી સ્થિતિ સર્જાઈ હોવા છતાં વીજ તંત્રના અધિકારીઓ આશરે એક કલાક સુધી સ્થળ પર પહોંચ્યા ન હતા. સ્થાનિકોએ સમયસર માર્ગ બંધ કરાવી વાહનવ્યવહાર અટકાવ્યો ન હોત તો મોટી જાનહાનિ સર્જાઈ શકતી હતી.

### 3 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી

# છ સિસ્ટમ સક્રિય, બે દિવસ ભારે વરસાદની આગાહી: 4 જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરાયા





### રાજ્યમાં અત્યાર સુધીમાં 494.5 મિમી (19.44 ઇંચ) વરસાદની થવો જોઇએ, જેની સામે 501.6 મિમી (19.72 ઇંચ) વરસાદ નોંધાયો

**અમદાવાદ**

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. હાલમાં છ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી આજે 14 ઓગસ્ટે રાજ્યના 9 જિલ્લામાં અને આવતીકાલે 15 ઓગસ્ટે 4 જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 494.5 મિમી (19.44 ઈંચ) વરસાદની થવો જોઈએ, જેની સામે 501.6 મિમી (19.72 ઈંચ) વરસાદ નોંધાયો છે, જે 1 ટકા વધુ છે.

આજે સવારના અમદાવાદમાં આશ્રમ રોડ, રિવરફ્રન્ટ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યા હતાં. તો બપોર બાદ મહીસાગર જિલ્લામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. બાલાસિનોરમાં તો દિવસભર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સાંજના સમયે ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાયા હતા. જેના કારણે વાહનચાલકો પરેશાન થયા હતા.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, અત્યારે કુલ 6 સિસ્ટમ શિયર ઝોન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ડિપ્રેશન, મોન્સૂન ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન, અન્ય એક ટ્રફ સિસ્ટમ સક્રિય છે, જેથી વરસાદી માહોલ સર્જાયો છે.

આજે રાજ્યમાં દમણ અને દાદરા નગર હવેલી સહિત નવ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આવતીકાલ (15 ઓગસ્ટ) પણ તાપી-ડાંગ સહિતમાં યલો એલર્ટ અપાયું છે. 14, 16 અને 17 ઓગસ્ટે માછીમારો દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં ફરી એકવાર મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. બાલાસિનોરમાં ધોધમાર વરસાદ વરસતા અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા, જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ઉભા પાકને પણ ફાયદો થયો છે.

મહીસાગર જિલ્લામાં આજે પણ સવારથી વરસાદી માહોલ યથાવત રહ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લોકોને ગરમીમાંથી રાહત મળી છે.

લુણાવાડા શહેર સહિત તાલુકાના ચોપડા, વિરણીયા, કાંઠા, ભાયાસર, ચાવડિયા, સોનેલા અને સજ્જનપુર સહિતના ગામોમાં સવારથી હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં અનેક સ્થળોએ મેઘમહેર ચાલુ રહેતા સમગ્ર પંથકમાં ચોમાસાનો માહોલ જામ્યો છે.

સતત વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી છે, જ્યારે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વરસાદથી ઉભા પાકને જીવનદાન મળતાં ખેતી માટે પણ રાહતના સમાચાર સામે આવ્યા છે.

## ગુજરાતમાં ઉધોગો માટે જમીન મોંઘી થઈ: GIDCના નવા એલોટમેન્ટ રેટ જાહેર, સરેરાશ 15 ટકાનો વધારો

### નિગમની 526મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ આ નવો પરિપત્ર જારી કરાયો

**ગાંધીનગર**

ગુજરાતમાં નવા ઉદ્યોગો સ્થાપવા માંગતા સાહસિકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટે ઔદ્યોગિક અને રહેણાંક પ્લોટના નવા ફાળવણી દરો (Allotment Prices) સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવ્યા છે. નિગમની 526મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ આ નવો પરિપત્ર જારી કરાયો છે.

તાત્કાલિક અમલીકરણ: નવા ફાળવણી દરો 14 ઓગસ્ટ 2026થી જ અમલમાં આવી ગયા છે. બહુમાળી શેડ યથાવત: નિગમના બહુમાળી શેડના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

અન્ય શુલ્ક પર અસર: જમીન વિતરણ, ટ્રાન્સફર ફી અને બિન-ઉપયોગ (N.U.) પેનલ્ટી પર પણ આ નવા દરો લાગુ થશે.

રહેણાંક પ્લોટના દર: હાઉસિંગ સેક્ટરના પ્લોટના દર ઔદ્યોગિક પ્લોટ કરતાં 1.5 ગણા રહેશે.



GIDCના વહીવટી સંચાલક દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, 21મી જુલાઈ 2026ના રોજ નિગમની 526મી સભા મળી હતી. આ સંચાલક મંડળની બેઠકમાં ઠરાવ ક્રમાંક 29/હિસાબ/526 હેઠળ નાણાંકીય વર્ષ 2026-27 માટેના નવા દરોને મંજૂરી આપવામાં આવી હતી. આ દરો હવે પછીનો નવો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

નવા દરો લાગુ થવાથી આગામી સમયમાં ગુજરાતમાં નવો ઉદ્યોગ શરૂ કરવાનું પ્રારંભિક મૂડી રોકાણ (Capital Cost) વધશે. આ દરો માત્ર નવી ફાળવણી માટે જ નહીં, પરંતુ પ્લોટના ટ્રાન્સફર અને બિન-ઉપયોગ બદલ લાગતી પેનલ્ટી ગણવા માટે પણ આધારભૂત ગણાશે. જોકે, MSME સેક્ટર માટે જાહેર કરાયેલા સ્પેશિયલ પાર્કના દરો પ્રમાણમાં રાહતભર્યા રાખવામાં આવ્યા છે.

## શિક્ષણક્ષેત્રે નર્મદા જિલ્લો ફરી એકવાર સમગ્ર રાજ્યમાં પહેલા સ્થાને, 92% ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો



**અમદાવાદ**

શિક્ષણક્ષેત્રે નર્મદા જિલ્લાએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરીને સમગ્ર રાજ્યમાં ગૌરવ વધાર્યું છે. ગત મે મહિનામાં જાહેર થયેલા ધોરણ 10ના પરિણામમાં 90.85 ટકા સાથે રાજ્યમાં પહેલા સ્થાને રહ્યા બાદ, હવે ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવામાં પણ નર્મદા જિલ્લાએ સમગ્ર રાજ્યમાં ડંકો વગાડ્યો છે. જિલ્લામાં શાળા છોડી ગયેલા 4,224 બાળકોમાંથી 3,906 બાળકોને પુનઃ શાળાએ મોકલીને 92 ટકા ડ્રોપઆઉટ રેશિયો ઘટાડી નર્મદા જિલ્લાએ રાજ્યમાં ફરી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. શાળાથી વંચિત કે ડ્રોપઆઉટ થયેલા બાળકોને શિક્ષણની મુખ્યધારામાં લાવવા માટે તાજેતરમાં રાજ્યવ્યાપી 'સમરસ વિદ્યાસેતુ મેગા અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સઘન ઝુંબેશ ચલાવીને આવા બાળકોની ઓળખ કરવામાં આવી હતી.

## નવી ટ્રાફિક ચલણ વ્યવસ્થા લાગુ: લાયસન્સ સસ્પેન્ડથી લઈને વાહન જપ્તીની થશે કાર્યવાહી

### કાગળ પરનું ભૌતિક(ફિઝિકલ) ચલણ મોકલવા માટે 15 દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી

**ગાંધીનગર**

રાજ્યમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ પારદર્શક, ઝડપી અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા 'નેક્સ્ટ જનરેશન ચલણ સિસ્ટમ' અમલમાં મૂકવામાં આવી છે. 12મી ઑગસ્ટથી સમગ્ર રાજ્યમાં આ નવી સિસ્ટમનો સત્તાવાર રીતે પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ સિસ્ટમ હેઠળ ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈ-ચલણ મોકલવાથી લઈને તેના નિવારણ સુધીની સમગ્ર પ્રક્રિયા માટે ચોક્કસ સમયમર્યાદા (ટાઈમલાઈન) નક્કી કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા નિયમો અનુસાર, હવે ટ્રાફિક નિયમનો ભંગ કરનાર વાહનચાલકને નિયમ ભંગ કર્યાના 3 દિવસની અંદર જ ડિજિટલ માધ્યમથી(SMS કે ઈ-મેઈલ) ઈ-ચલણ મોકલી દેવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જ્યારે કાગળ પરનું ભૌતિક(ફિઝિકલ) ચલણ મોકલવા માટે 15 દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

નવી વ્યવસ્થા અંતર્ગત જો કોઈ વાહનચાલકને ચલણ સામે વાંધો હોય, તો તે ચલણ સામે અપીલ કરવા કે તેને ઑથોરિટી/કોર્ટ સમક્ષ પડકારવા માટે 45 દિવસની મુદત આપવામાં આવશે. જો 45 દિવસની અંદર વાહનચાલક દ્વારા ચલણ પડકારવામાં નહીં આવે, તો તેણે નિયમભંગ સ્વીકારી લીધો છે તેમ માની લેવામાં આવશે. ત્યારબાદ



દંડની રકમ ઓનલાઈન ભરપાઈ કરવા માટે વાહનચાલકને વધારાના 30 દિવસનો સમય આપવામાં આવશે. જો વાહનચાલક નિર્ધારિત સમયમર્યાદામાં દંડની ચુકવણી નહીં કરે તો ટ્રાફિક પોલીસ દ્વારા અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રીય 'વાહન'(VAHAN) પોર્ટલ પર તે વાહનની પ્રોફાઈલ સામે "Not to be Transacted" નોંધી દેવામાં આવશે, જેથી વાહનની લે-વેચ, નામ ટ્રાન્સફર કે RTO સંબંધિત કોઈ પણ કામકાજ અટકી જશે. ખૂબ જ ગંભીર કેસમાં અથવા લાંબા સમય સુધી દંડ બાકી રાખનાર વાહનચાલકોના વાહનને પોલીસ દ્વારા સીધું ડિટેઈન(જપ્ત) કરી શકાશે.

વાહનચાલકો સત્તાવાર પરિવહન ઈ-ચલણ પોર્ટલ પર જઈને પોતાનો વાહન નંબર અથવા ચલણ નંબર નાખીને વિગતો ચકાસી શકે છે અને દંડ ભરી શકે છે.

### દારૂના નશામાં બિલ્ડરનું 2 રાઉન્ડ ફાયરિંગ

## લસકાણામાં ચા-પાનના ગલ્લા પર સંચાલકે મજાક કરવાની ના પાડતા રૌફ જમાવ્યો!!

**સુરત**

સુરતના લસકાણા વિસ્તારમાં ચા-પાનના ગલ્લા પર નશાની હાલતમાં આવી પોતાની રિવોલ્વરથી હવામાં ફાયરિંગ કરી દહેશત ફેલાવનાર બિલ્ડરને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીએ રોફ જમાવવા જાહેરમાં હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયો હતો. જે સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.



મોટા વરાછામાં રહેતા અને વાલક પાટિયા આઉટર રિંગ રોડ પર 'મોગલ ટી & પાન' નામનો ગલ્લો ચલાવતા કેવલભાઈ પ્રવીણભાઈ માંગુકીયા (ઉંમર 28) વહેલી સવારે આશરે 2:30 વાગ્યાના અરસામાં પોતાના ગલ્લા પર મિત્રો સાથે બેઠા હતા. તે દરમિયાન મૂળ રાજકોટના મવડી અને હાલ સરથાણામાં રહેતા બિલ્ડર આશિષ સાકરીયા પોતાની આઈ-20 કાર (GJ-03-PR-4938) લઈને ત્યાં આવ્યો હતો. આશિષે પાણીની બોટલ લીધા બાદ કેવલભાઈ ચા બનાવતા હતા, ત્યારે તેમની સાથે બિનજરૂરી મજાક-મસ્તી કરવા લાગ્યો હતો. ત્યારે ગલ્લા સંચાલકે મજાક કરવાની ના પાડતા તે ત્યાંથી નીકળી ગયો હતો. જો કે થોડીવાર બાદ તે નશાની હાલતમાં પરત ફર્યો હતો અને હાથમાં રિવોલ્વર લઈને ગલ્લા પર બેઠેલા યુવકોને બતાવી રોફ જમાવવા લાગ્યો હતો.

આરોપીએ પાનના ગલ્લામાં જમીન તરફ રિવોલ્વરથી ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અવાજ સાથે મિસફાયર થતાં ગોળી છૂટી નહોતી. આ જોઈને ગલ્લા પર બેઠેલા તમામ મિત્રો ગભરાઈને બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ આરોપીએ દુકાનની બહાર આવી લોકોમાં દહેશત ફેલાવવાના ઈરાદે હવામાં 2 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને પોતાની કાર લઈ એકલારા સર્કલ તરફ ફરાર થઈ ગયો હતો.

પાક્કો ગુજરાત

શનિવાર | 15 ઓગસ્ટ 2026 | અમદાવાદ

# 'ઇમ્યુનિટી'ના નામે લૂંટ ચાલતી રહી ને તંત્ર ઊંઘતું રહ્યું..!! : લોકોમાં રોષ પછી આખરે FSSAI જાગ્યું

**■ ગપ્રતિકારક શક્તિ વધારવા જેવા અતિશયોક્તિભર્યા દાવા કરનારા સામે Food Safety Act, 2006 હેઠળ પગલાં લેવાશે**

ખેડા

સેલેબ્રિટીઝ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ અવારનવાર ખાવા-પીવાની ચીજવસ્તુઓ અંગે મોટા-મોટા દાવા કરતા જોવા મળે છે, જેમાં રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુનિટી) વધારવાથી લઈને પોષક તત્વોથી ભરપૂર હોવા જેવી બાબતો સામેલ હોય છે. ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા આવા ખોટા પ્રચાર સામે હવે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (FSSAI)એ કડક વલણ અપનાવ્યું છે. FSSAIએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, કોઈપણ ઉત્પાદનની ગુણવત્તા ચકાસ્યા વગર તેનો પ્રચાર કરનારા સેલેબ્રિટીઝ અને ઈન્ફ્લુએન્સર્સ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

આજકાલ ફૂડ બ્રાન્ડ્સ હેલ્થ ડ્રિંક્સ, પ્રોટીન સપ્લિમેન્ટ્સ, નાસ્તો અને પેક્ડ ફૂડના વેચાણ માટે ડિજિટલ ક્રિએટર્સ અને જાણીતી હસ્તીઓનો મોટાપાયે સહારો લઈ રહી છે. તેને ધ્યાનમાં રાખીને FSSAIએ જણાવ્યું છે કે, સેલેબ્રિટીઝે કોઈ પણ પ્રોડક્ટ સાથે પોતાનું નામ જોડતાં પહેલાં એ ખાતરી કરી લેવી પડશે કે કંપનીનો દરેક દાવો સાચો, વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલો અને ફૂડ સેફ્ટીના નિયમો મુજબનો છે. આ ઉપરાંત અસુરક્ષિત ખાદ્યચીજો વેચતા ઉત્પાદકો સામે પણ કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે.

નિયમનકારી સંસ્થાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, કોઈપણ પ્રોડક્ટનું સમર્થન એ માત્ર એક સામાન્ય જાહેરાત નથી, કારણ કે, સામાન્ય લોકો તેના પ્રચારક પર પૂરો વિશ્વાસ મૂકતા હોય છે. લોકોના આ ભરોસાને કારણે સેલેબ્રિટીઝ અને ઈન્ફ્લુએન્સર્સની એ નૈતિક અને કાનૂની જવાબદારી બને છે કે તેઓ માત્ર સાચી અને ગુણવત્તાયુક્ત વસ્તુઓનો જ પ્રચાર કરે. FSSAIએ સ્પષ્ટ તાકીદ કરી છે કે, જ્યાં સુધી પાકા વૈજ્ઞાનિક પુરાવા ન હોય અને ખાદ્ય કાયદા હેઠળ તેની મંજૂરી ન મળેલી હોય, ત્યાં સુધી ઈમ્યુનિટી વધારવા કે પોષક તત્વોના અતિશયોક્તિભર્યા દાવા ન કરવા. ગેરમાર્ગે દોરતી જાહેરાતો કરનારાઓ સામે 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006' અને 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (એડવર્ટાઈઝિંગ એન્ડ ક્લેમ્સ) રેગ્યુલેશન્સ, 2018' હેઠળ પગલાં લેવામાં આવશે. આ સાથે જ FSSAIએ સામાન્ય નાગરિકોને પણ અપીલ કરી છે કે, જો કોઈ આવી ભ્રામક જાહેરાત ધ્યાને આવે, તો તેના 'ફૂડ સેફ્ટી કનેક્ટ' પ્લેટફોર્મ પર તેની તાત્કાલિક ફરિયાદ કરવી.




### MPમાં દીકરીઓ સાથે અન્યાય

# 10 KM દૂરની શાળામાં શિફ્ટ કરાતાં આક્રોશ, આંખમાં આંસુ સાથે કલેક્ટર સમક્ષ વિરોધ!!

ઉજ્જૈન

ઉજ્જૈનની સરાફા કન્યા હાયર સેકન્ડરી સ્કૂલને શહેરથી લગભગ 10 કિલોમીટર દૂર દાઉદખેડી ગામમાં શિફ્ટ કરવાના પ્રસ્તાવ સામે વિદ્યાર્થિનીઓએ આકરો વિરોધ નોંધાવ્યો છે. શુક્રવારે આશરે 800 જેટલી વિદ્યાર્થિનીઓએ કલેક્ટર કચેરીએ પહોંચીને ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. તેમનું કહેવું છે કે, આવવા-જવાની યોગ્ય સુવિધા ન હોવાને કારણે અને રસ્તો સુમસામ હોવાથી વાલીઓ તેમને નવી જગ્યાએ ભણવા મોકલશે નહીં, જેથી તેમનો અભ્યાસ છૂટી જવાનો ભય છે. મધ્ય પ્રદેશ સરકાર દ્વારા નાના વિદ્યાલયોને મોટા અને સુવિધાયુક્ત સાંદીપનિ શાળામાં મર્જ કરવાની યોજના હેઠળ સરાફા સ્કૂલને દાઉદખેડી સ્થિત સાંદીપનિ CM રાઈઝ સ્કૂલ ભવનમાં શિફ્ટ કરવાનું આયોજન કરાયું છે. હાલમાં આ કન્યા શાળા મહાકાલ મંદિર નજીક જયસિંહપુરામાં ચાલી રહી છે.



શુક્રવારે કલેક્ટર કચેરી પહોંચેલી 800 વિદ્યાર્થિનીઓએ લગભગ એક કલાક સુધી ઘેરાવો કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા. વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કર્યો હતો કે, શિફ્ટિંગ અંગે તેઓ અગાઉ પણ તંત્રને રજૂઆત કરી ચૂકી છે, પરંતુ તેમની વાત સાંભળવામાં આવી નથી. ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન શાળા દૂર લઈ જવાથી તેમનું ભવિષ્ય બગડી શકે છે. તંત્રનો તર્ક છે કે, શાળાઓના એકીકરણથી સાધનોનો યોગ્ય ઉપયોગ થશે, અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. પરંતુ વિદ્યાર્થિનીઓ અને વાલીઓ આ નવી જગ્યાએ જવા માટે તૈયાર નથી.

પ્રદર્શનની જાણ થતાં ADM શાશ્વત શર્મા અને જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) મહેન્દ્ર ખત્રી સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે વિદ્યાર્થિનીઓને શાંત પાડીને ભરોસો આપ્યો હતો કે, ટૂંક સમયમાં જિલ્લા સ્તરીય મોનિટરિંગ કમિટીની બેઠક યોજવામાં આવશે.

### અમે ઘરમાં ઘૂસીને જડબાતોડ પ્રહાર પણ કરી શકીએ છીએ

# અમારી સહનશીલતાને નબળાઈ ન સમજશો : NSA ડોભાલની દુશ્મન દેશોને ચેતવણી

નવી દિલ્હી

'ભારત સહિષ્ણુ છે, કમજોર નહીં. અમે જોખમ પણ લઈ શકીએ છીએ અને ઘરમાં ઘૂસીને જડબાતોડ પ્રહાર પણ કરી શકીએ છીએ. આપણી સહનશીલતાને નબળાઈ સમજવાની ભૂલ ન કરવી.' 15 ઑગસ્ટ પહેલા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(NSA) અજીત ડોભાલે એક ઇન્ટરવ્યૂમાં આ સ્પષ્ટ મેસેજ આપ્યો છે. ઓપરેશન સિંદૂર પર આપવામાં આવેલા આ વિશેષ ઇન્ટરવ્યૂમાં તેમણે 88 કલાક સુધી ચાલેલા સૈન્ય અભિયાન પાછળની વ્યૂહરચના અને નિર્ણય પ્રક્રિયા અંગે વિગતવાર વાત કરી છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ(Ajit Doval) અનુસાર આ સૈન્ય કાર્યવાહીનો મુખ્ય હેતુ દુશ્મનના એ તમામ ઠેકાણાઓને નષ્ટ કરવાનો હતો, જે ખાસ કરીને પહેલગામ આતંકી હુમલા માટે જવાબદાર હતા. આ વિશેષ વાતચીતમાં ભારતના ટોચના સૈન્ય અને સુરક્ષા નેતૃત્વ દ્વારા લેવાયેલા નિર્ણયોની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. ભારતની નીતિ અને સૈન્ય ક્ષમતા અંગે ભારપૂર્વક જણાવતાં કહેવામાં આવ્યું છે કે 'વિશ્વ માટે ખૂબ સ્પષ્ટ મેસેજ છે- ભારતની ઉદારતા કે ભારતનું સહિષ્ણુ હોવું એ અમારા દેશની કમજોરી ન ગણવી જોઈએ. પરિણામ ભલે ગમે તે આવે, ભારત જોખમ ઉઠાવી શકે છે અને ભારત જડબાતોડ પ્રહાર પણ કરી શકે છે.' આ જવાબી કાર્યવાહી પર નજર રાખનારા અધિકારીઓના અનુભવો પણ આ દરમિયાન સામે આવ્યા છે. આ સૈન્ય અભિયાનની શરૂઆત 22 એપ્રિલના રોજ થયેલા ઘાતક પહેલગામ આતંકી હુમલાના જવાબરૂપે 7 મેના રોજ કરવામાં આવી હતી. ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) સ્થિત આતંકી અડ્ડાઓ પર ચોક્કસ અને ભયાનક હવાઈ અને સૈન્ય હુમલા કર્યા હતા.

### ખાડી દેશોમાં મજૂરી કરતાં સેનાની વર્દી બહેતર..

# ભારતમાં અગ્નિવીર બનવા પડોશી દેશમાં આંદોલન! 207 વર્ષ જૂની ભરતી અટકી પડતાં યુવાનોનો આક્રોશ



નવી દિલ્હી

ભારતીય સેનામાં નેપાળી ગોરખા સૈનિકોની ભરતી છેલ્લા 4 વર્ષથી અટકી પડી છે, જેની સામે હવે ખુદ નેપાળમાં જ ભારે વિરોધ શરૂ થયો છે. આ સપ્તાહે પોખરા શહેરમાં સેંકડો યુવાનો અને પૂર્વ સૈનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને 'અગ્નિપથ યોજના' હેઠળ તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી હતી. નેપાળી યુવાનોનું કહેવું છે કે ખાડી દેશોમાં જઈને પરસેવો પાડવા કરતાં ભારતીય સેનામાં 'અગ્નિવીર' બનીને ગર્વથી સેવા કરવી લાખ ગણી સારી છે. ભારત અને નેપાળ વચ્ચે ગોરખા સૈનિકોની ભરતી બંને દેશોના જૂના અને મજબૂત સંબંધોનું પ્રતીક રહી છે. વર્ષ 2019થી આ ભરતીઓ અટકેલી હતી અને વર્ષ 2022માં ભારત સરકારે 'અગ્નિપથ યોજના' લાગુ કર્યા બાદ નેપાળ સરકારે તેના પર રોક લગાવી દીધી હતી, પરંતુ હવે 3 વર્ષ બાદ યુવાનોનો આક્રોશ સામે આવ્યો છે. ગોરખા ભરતી અટકવા પાછળનું મુખ્ય કારણ નેપાળ સરકારનો વિરોધ છે. વર્ષ 2022માં શરૂ થયેલી અગ્નિપથ યોજના હેઠળ માત્ર 25% સૈનિકોને કાયમી કમિશન મળે છે, જ્યારે 75% સૈનિકોને 4 વર્ષ પછી 'સેવા નિધિ' પેકેજ આપીને મુક્ત કરવામાં આવે છે. નેપાળ સરકારનું માનવું છે કે 4 વર્ષ પછી પરત ફરનારા યુવાનોના ભવિષ્ય, પેન્શન અને લાંબા ગાળાના લાભો અંગે કોઈ સ્પષ્ટતા નથી. નેપાળ સરકારની દલીલ છે કે આ નવી વ્યવસ્થા વર્ષ 1947માં ભારત, નેપાળ અને બ્રિટન વચ્ચે થયેલા ઐતિહાસિક ત્રિપક્ષીય કરારની જોગવાઈઓ મુજબ નથી, તેથી તેના પર નવેસરથી રાજકીય સહમતિ સાધવી જરૂરી છે.

### પેપર લીકથી લઈને આંતરિક નારાજગીની ઈનસાઈડ સ્ટોરી

# ચોમાસું સત્ર પહેલાં મજબૂત દેખાતો ભાજપ બેકફૂટ પર..!

નવી દિલ્હી

સંસદના ચોમાસું સત્ર પહેલા ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ (NDA) સરકાર ખૂબ જ સહજ અને રિલેક્સ સ્થિતિમાં જોવા મળતી હતી. બીજી તરફ, TMC અને શિવસેના (UBT)માં આંતરિક જૂથબંધીને કારણે વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયા' (INDIA) બેકફૂટ પર હોય તેમ લાગતું હતું. પરંતુ સંસદ સત્ર શરૂ થતાં જ ભાજપની મુશ્કેલીઓ સતત વધતી ગઈ.

20 જુલાઈના રોજ સંસદ સત્ર શરૂ થયું અને પહેલા જ દિવસે પેપર લીકના વિરોધમાં દિલ્હીમાં પ્રદર્શન કરી રહેલા હજારો યુવાનો પર પોલીસ કાર્યવાહી બાદ પરિસ્થિતિ બદલાઈ ગઈ. વિદ્યાર્થીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. આખરે 25 જુલાઈના રોજ ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું



પડ્યું હતું.

એક તરફ મોદી સરકારના કદાવર મંત્રીનું રાજીનામું પડ્યું, તો બીજી તરફ થોડા જ અઠવાડિયા પછી ભાજપનો ગઢ ગણાતી બે વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં પક્ષને કારમી હારનો સામનો કરવો પડ્યો. જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની બિહારની બાંકીપુર વિધાનસભા બેઠક પણ સામેલ હતી. ગુરુવારે ચોમાસું સત્ર સમાપ્ત થવાની સાથે જ ભાજપ ડિફેન્સિવ મોડમાં જોવા મળ્યો. વિપક્ષના વિરોધ વચ્ચે લોકસભામાં ગૃહમંત્રી અમિત શાહે કોઈ નિવેદન આપ્યું નહીં. ગતિરોધ વચ્ચે પૂરતી ચર્ચા વગર જ વિધેયકો પસાર કરવામાં આવ્યા. જોકે, સરકાર સામાન્ય બહુમતીની જરૂરિયાત ધરાવતું 'ફોરેન કન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ બિલ, 2026' પસાર કરાવી શકી નહીં, અને તેને સંસદની સંયુક્ત સમિતિ (JPC) પાસે મોકલવું પડ્યું.

# આર્મી કેન્ટીનમાં ઓલ્ડ મોંકના 3 વેરિયન્ટ સહિત દારૂની 6 બ્રાન્ડના ઓર્ડર અને પરમિટ પર રોક

નવી દિલ્હી

દેશભરના સૈનિકો અને પૂર્વ સૈનિકો માટે સૈન્ય કેન્ટીન (Canteen Stores Department - CSD)માંથી દારૂની ખરીદીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ફૂડ સેફ્ટી રેગ્યુલેટર FSSAI ની તાજેતરની એન્ફોર્સમેન્ટ કાર્યવાહીને ધ્યાનમાં રાખીને CSD હેડક્વાર્ટર દ્વારા ઓલ્ડ મંક (Old Monk) અને રોયલ ચેલેન્જ (Royal Challenge) જેવી અગ્રણી બ્રાન્ડ્સના કુલ ૬ આલ્કોહોલિક લિક્વિડ ઈન્ડેક્સના નવા ઓર્ડર અને પરમિટ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે.

સંરક્ષણ મંત્રાલયના કેન્ટીન સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ (LIF બ્રાન્ચ) દ્વારા 11 ઓગસ્ટ 2026ના રોજ જારી કરાયેલા સત્તાવાર પત્રમાં તમામ એરિયા મેનેજર્સ અને CSD ડેપોને આ અંગે આદેશો આપી દેવાયા છે.

CSDના સત્તાવાર પત્ર અનુસાર, નીચે દર્શાવેલી પ્રોડક્ટ્સના પ્લેસમેન્ટ ઓર્ડર્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ FSSAI દ્વારા 2 ઓગસ્ટ 2026ના રોજ PIB પ્રેસ રિલીઝ મારફતે માહિતી આપવામાં આવી હતી કે, કેટલીક આલ્કોહોલ ઉત્પાદક કંપનીઓ દ્વારા પ્રોડક્ટના નામકરણ, બ્લેન્ડિંગના ભ્રામક દાવા અને બિન-મંજૂર આર્ટિફિશિયલ ફ્લેવર્સ(કૃત્રિમ સુગંધ/સ્વાદ)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ગુણવત્તા નિયમોના ઉલ્લંઘનને કારણે CSD સક્ષમ સત્તાધિકારીએ આ નિર્ણય લીધો છે.

### ચીજવસ્તુઓના ભાવમાં આશ્ચર્યજનક ફેરફાર

# 88 રૂપિયામાં 10 ગ્રામ સોનું, 27 પૈસામાં પેટ્રોલ! 1947થી અત્યાર સુધીના ભાવ જાણીને ચોંકી જશો

નવી દિલ્હી

દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વર્ષ 1947માં દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મળી હતી અને ત્યારથી અત્યાર સુધીમાં ભારતનું અર્થતંત્ર વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં અગ્રેસર બની ચૂક્યું છે. આ દાયકાઓ દરમિયાન દેશના વિકાસની સાથે ચીજવસ્તુઓની કિંમતોમાં પણ અકલ્પનીય પરિવર્તન આવ્યું છે. આઝાદી સમયના ભાવોની સરખામણી આજના આંકડાઓ સાથે કરવામાં આવે તો કોઈપણ સામાન્ય નાગરિક આશ્ચર્યચકિત થઈ જાય તેવી સ્થિતિ છે. ભારતમાં સોનું માત્ર રોકાણનું સાધન નથી પરંતુ પરંપરા અને તહેવારો સાથે પણ જોડાયેલું છે. લગ્નપ્રસંગ કે તહેવારોમાં સોનું



ખરીદવાની જૂની પરંપરા રહી છે, પરંતુ વર્ષ 2026માં સોનું ખરીદવું એ સૌથી મોંઘો સોદો બની ગયું છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ અનુસાર ગુરુવારે સ્થાનિક બજારમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,52,447 રૂપિયા નોંધાયો હતો, જ્યારે આઝાદીના વર્ષ 1947માં 10 ગ્રામ સોનાની કિંમત માત્ર 88.62 રૂપિયા હતી. સોનાની જેમ ચાંદીના દરોમાં પણ જમીન-આસમાનનો તફાવત આવ્યો છે. વર્ષ 1947માં 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ આશરે 106 રૂપિયા હતો. વર્ષ 2026ના જાન્યુઆરી મહિનામાં 1 કિલો ચાંદીનો ભાવ 4 લાખ રૂપિયાને પણ પાર કરી ગયો હતો.

જોકે ત્યારબાદ આવેલા ઘટાડા છતાં હાલ સ્થાનિક માર્કેટમાં 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ આશરે 2,33,800 રૂપિયા ચાલી રહ્યો છે.

માત્ર કિંમતી ધાતુઓ જ નહીં, રોજિંદા વપરાશના ઈંધણના ભાવમાં પણ મોટો ફેરફાર થયો છે. વર્ષ 1947માં દેશમાં 1 લિટર પેટ્રોલનો ભાવ માત્ર 25થી 27 પૈસા આસપાસ હતો, જ્યારે હાલ રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો ભાવ 102.12 રૂપિયા પ્રતિ લિટર ચાલી રહ્યો છે. સામાન્ય માણસના રોજિંદા ખોરાકની કિંમતો પણ આઝાદીના સમયથી ઘણી બદલાઈ ગઈ છે.

# કોંગ્રેસની 'મેલોની' વાળી રમૂજ પર વિવાદ વધ્યો, વિદેશ મંત્રાલયે કહ્યું, 'વાત સન્માનપૂર્વક રજૂ થવી જોઈએ'

નવી દિલ્હી

કોંગ્રેસ દ્વારા ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની પર કરાયેલી ટિપ્પણી અને રાહુલ ગાંધીના વિદેશ નીતિ અંગેના નિવેદન પર વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ઈટાલી સાથે ભારતના સંબંધો ખૂબ જ મજબૂત છે, અને આપણે તેને વધુ ગાઢ બનાવવા માંગીએ છીએ. મંત્રાલયે સ્પષ્ટપણે કહ્યું કે, કોઈપણ વાત આદર અને સન્માન સાથે રજૂ કરવી જોઈએ. કોંગ્રેસના એક કાર્યક્રમમાં બોલતી વખતે રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતની વિદેશ નીતિ પર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'ખબર નહીં ક્યાંથી એમના મગજમાં ઘુસી ગયું કે ગળે મળવું એ જ ફોરેન પોલિસી છે.' આ દરમિયાન તેમણે મંચ પર કોંગ્રેસ નેતા સંદીપ દિક્ષીતને બોલાવીને તેમને જોરથી ગળે લગાડીને એક એક્ટ કરી બતાવ્યો હતો.

# સમય રૈનાને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત: દિવ્યાંગો પર વિવાદિત ટિપ્પણી મામલે નોંધાયેલી તમામ FIR રદ

**■ સુપ્રીમ કોર્ટે યુટ્યુબર-કોમેડિયન સમય રૈના સહિત 5 કોમેડિયન્સ સામેના તમામ ફોજદારી કેસ રદ કર્યા છે**

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે યુટ્યુબર-કોમેડિયન સમય રૈના અને અન્ય ચાર કોમેડિયન્સ સામે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' (India's Got Latent) શો દરમિયાન દિવ્યાંગજનો પર કરવામાં આવેલી ટિપ્પણીઓને લઈને દાખલ કરાયેલા તમામ ફોજદારી કેસોને રદ કરી દીધા છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની બેન્ચે આ આદેશ આપ્યો છે. સમય રૈના ઉપરાંત વિપુલ ગોયાલ, બલરાજ પરમજીત સિંહ ઘાઈ, સોનાલી ઠક્કર ઉર્ફે સોનાલી આદિત્ય દેસાઈ અને નિશાંત જગદીશ તંવરને આ કેસમાં મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે દિવ્યાંગજનોના કલ્યાણ માટે ચેસ ટુર્નામેન્ટ અને અન્ય ફંડ રેઝિંગ શોનું આયોજન કરવાના કોમેડિયન્સના પ્રયાસોની પ્રશંસા કરી હતી. બેન્ચે અવલોકન કર્યું હતું કે, 'એકવાર વાસ્તવિક પ્રયાસો થાય, તો સકારાત્મક પરિણામો મળવા જ સ્વાભાવિક છે. તેઓ ખૂબ જ હોશિયાર યુવાનો છે અને જો તેઓ સકારાત્મક દિશામાં કામ કરી રહ્યા છે, તો તેનું ચોક્કસ ઉત્તમ પરિણામ આવશે.' કોર્ટે સ્પષ્ટ કર્યું કે સમય રૈના સહિતના પાંચેય પ્રતિવાદીઓ સામેની ફોજદારી કાર્યવાહી હવે બંધ કરવામાં આવે છે.

'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' શોના એક વિવાદાસ્પદ એપિસોડમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ બાદ 'ક્યોર એસએમએ ઈન્ડિયા ફાઉન્ડેશન' નામના એનજીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી.







## તંત્રી લેખ...

# સાયબર ગુનેગારો દ્વારા 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડથી લોકો ભયભીત

હાથમાં હથકડી નથી, સામે પોલીસ નથી - માત્ર એક સ્ંગલીન છે; છતાં માણસ પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે. એક સમય હતો જ્યારે ગુનેગાર ઘરના દરવાજે ઊભો રહેતો. આજે ગુનો દરવાજો ખખડાવતો નથી- તે મોબાઈલની સ્ક્રીન પર દેખાય છે. સામે પોલીસનો ગણવેશ પહેરેલો માણસ હોય છે. પાછળ કોઈ સરકારી કચેરી જેવું દ્રશ્ય હોય છે. કડક અવાજમાં તમારું નામ લેવામાં આવે છે. તમારા આધારકાર્ડ, બેંક ખાતા કે કોઈ વિગતનો ઉલ્લેખ થાય છે. પછી એક પછી એક શબ્દો ગોળી બનીને વરસે છે- 'મની લોન્ડરિંગ', 'ડ્રગ્સ', 'ગેરકાયદેસર વ્યવહાર', 'FIR', 'ધરપકડ', 'કોર્ટ' અને અંતે આવે છે એક એવો શબ્દ, જેનું કાયદાની દુનિયામાં અસ્તિત્વ જ નથી- 'ડિજિટલ અરેસ્ટ'.

પરંતુ ત્યાં સુધીમાં ભોગ બનનારનું મન કાયદાના ભયથી એટલું ઘેરાઈ ચૂક્યું હોય છે કે તેને સાચું-ખોટું વિચારવાની તક પણ મળતી નથી. આ જ છે આજના સાયબર યુગના સૌથી ભયાનક ગુનાઓમાંથી એક- ડિજિટલ અરેસ્ટ કૌભાંડ.

ડિજિટલ ધરપકડના ભય અંગે સુપ્રીમ કોર્ટનો ૪ ઓગસ્ટનો આદેશ નોંધપાત્ર છે કારણ કે કોર્ટે કોઈ સંતોષ દર્શાવ્યો નથી. અંતે, ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના સ્ટેટસ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદો ૨૦૨૪ માં ૧, ૨૩,૬૭૨ થી ઘટીને ૨૦૨૫ માં ૫૮,૨૪૯ અને ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ૧૬,૩૭૭ થઈ ગઈ છે. કોર્ટે આ આંકડાઓને પ્રોત્સાહક




ગણાવ્યા અને ભારતીય રિઝર્વ બેંકને મ્યુલ એકાઉન્ટ્સમાં ડેબિટને અસ્થાયી રૂપે અવરોધિત કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જારી કરવાનો નિર્દેશ આપ્યો; રાજ્યોને સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર સ્થાપિત કરવા અને ઈ-ઝીરો FIR દાખલ કરવાનો નિર્દેશ આપ્યો તથા પીડિતો માટેના વળતરની પદ્ધતિઓની સમીક્ષા કરવા માટે પણ એક આંતર-વિભાગીય સમિતિ રચવાનો આપ્યો.

બેંકો, ટેલિકોમ ઓપરેટરો અને પોલીસ સાથે પરામર્શ પછી સરકાર એટલું તો સમજતી થઈ છે કે વૃદ્ધ લોકો અને અન્ય લોકો આ કૌભાંડોનો ભોગ બની રહ્યા છે. આ કૌભાંડો સફળ થાય છે કારણ કે વૃદ્ધ પીડિતો સત્તાનો આદર કરે છે, સત્તાથી ડરે છે અને કાનૂની મુશ્કેલીથી ગભરાય છે. તેમ છતાં, કૌભાંડકારો એવા યુવાનો, વ્યાવસાયિકો અને વૃદ્ધ લોકોને નિશાન બનાવવાનું સરળ માને છે જેઓ ચેતવણીઓ માટે સંવેદનશીલ હોય છે. અસંખ્ય તપાસ છતાં, ડિજિટલ એરેસ્ટના કેસોમાં ખૂબ જ ઓછી સજા ફટકારવામાં આવી છે.

આ સૂચવે છે કે કાયદા અમલીકરણ એજન્સીઓએ આ કૌભાંડોનો સામનો કરવા માટે ઝડપથી કાર્યવાહી કરવા હજુ તૈયાર નથી અથવા તો સરકારનું વલણ ઠંડુ છે. ડિજિટલ છેતરપિંડી કરનારાઓ તેમની કામગીરીની પદ્ધતિઓમાં ખૂબ જ ચપળ સાબિત થયા છે. તેઓ સિમ બોક્સ દ્વારા કોલના મૂળને છુપાવે છે, જેનાથી તે ભારતીય નંબરો પરથી આવે છે, અને ઝડપથી પૈસા ટ્રાન્સફર કરવા માટે વિવિધ રાજ્યોમાં ખોલવામાં આવેલા બહુવિધ મ્યુલ એકાઉન્ટ્સનો ઉપયોગ કરે છે. હવે, એવું બહાર આવ્યું છે કે તેઓ પીડિતોને છેતરવા અને તપાસકર્તાઓથી બચવા માટે વિડિઓ કોલ પર ડીપફેકનો ઉપયોગ કરે છે. આમ, છેતરપિંડી કરનારાઓ હંમેશા તેમના પીછો કરનારાઓથી એક ડગલું આગળ હોય છે. કોર્ટનું ધ્યાન પૈસા મેળવવા પર છે - જેણે ૩૬,૨૯૦ કેસોમાં રૂા ૧૮.૦૫ કરોડ સુરક્ષિત રીતે પરત કરાવ્યા છે - અને મ્યુલહન્ટર જેવી શોધ પ્રણાલીઓ સાથે એકાઉન્ટ-ફ્રીઝિંગ કેસોના નિરાકરણને ઝડપી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવેથી ૨૦ થી વધુ બેંકોમાં ઉપયોગમાં લેવાતું છેં, ગુનેગારોને પકડવામાં ન આવે અથવા દોષિત ઠેરવવામાં ન આવે તો પણ નુકસાન ઘટાડવામાં મદદ કરશે. પરંતુ ગુનેગારોને સજા કરવી મુશ્કેલ છે, કારણ કે આવા ઘણા છેતરપિંડી અને ખંડણી રેકેટ મ્યાનમાર, કંબોડિયા અને 'ગોલ્ડન' નામક ભેદી પ્રદેશોમાં સ્થિત છે. તેઓ વિવિધ વિસ્તારોમાં સ્થિત વિદેશી કૌભાંડ સંયોજનો દ્વારા સંચાલિત થાય છે. મ્યાનમારમાં, પ્રત્યક્ષ અને પરોક્ષ સરકારી આશ્રયને કારણે કૌભાંડ કેન્દ્રોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. તાજેતરની તપાસ અને દરોડા છતાં, આ કાર્યવાહી મોટાભાગે અગમ્ય રહી છે, કારણ કે આ કેન્દ્રો સંઘર્ષગ્રસ્ત દેશના નવા વિસ્તારોમાં સ્થળાંતરિત થયા છે. ૨૦૨૩ માં ચીની પીડિતોને લક્ષ્ય બનાવતા કૌભાંડ કેન્દ્રો પર બેઈજિંગે કાર્યવાહી કર્યા પછી, કૌભાંડીઓએ તેમનું ધ્યાન અન્ય દેશો તરફ વાળ્યું. હવે, ભારતીયોને પણ તેમના પોતાના દેશવાસીઓ સામે ડિજિટલ ગુનાઓ કરવા દબાણ કરવા માટે તસ્કરી અને ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દક્ષિણ ચીની સમુદ્રમાં ચીને લશ્કરી મથકો બનાવ્યાં : જિનપિંગે મિશન તાઈવાન શરૂ કર્યું

**અમેરિકા ઈરાન અને રશિયા યુક્રેન યુદ્ધમાં વ્યસ્ત હોવાનો લાભ ઉઠાવી, ચીન તાઈવાનને હડપવાની તૈયારીમાં છે. ચીને દક્ષિણ ચીન સમુદ્રમાં તાઈવાન ફરતે ઘેરો મજબૂત બનાવ્યો છે અને 7 કૃત્રિમ ટાપુઓ પર લશ્કરી થાણાં બનાવ્યા છે. ચીન વારંવાર યુદ્ધજહાજો મોકલી શક્તિ પ્રદર્શન કરે છે, જેનાથી તાઈવાન પર હુમલાનો ભય વધ્યો છે.**

અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન અને ફ્રાન્સ - વિશ્વમાં આ પાંચ દેશોને સંયુક્ત રાષ્ટ્રસંઘે મહાસત્તા ગણીને વિટો પાવર આપ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની રચના થઈ ત્યારે દુનિયામાં આ પાંચ દેશો શક્તિશાળી ગણાતા હતા. આમ તો એ વખતે મહાસત્તા કહેવાય એવી ક્ષમતા અમેરિકા-રશિયા પાસે જ હતી. બ્રિટનની પડતી વિશ્વયુદ્ધ પછી શરૂ થઈ ગઈ હતી. ફ્રાન્સ અને ચીનને બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા-બ્રિટન સાથે રહીને લડાઈ લડવાના કારણે અને તે સિવાયના સંતુલન જાળવવાના ગ્લોબલ પોલિટિક્સના પરિણામે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં કાયમી સભ્યપદની સાથે વીટો પાવર મળ્યો હતો.

પાંચ દેશો મહાસત્તા ગણાયા ખરા, પરંતુ ખરી સ્પર્ધા અમેરિકા-રશિયા વચ્ચે હતી. લાંબાં કોલ્ડવોરના અંતે આખરે અમેરિકાએ મેદાન માર્યું અને અમેરિકા જગતજમાદાર બન્યું. વૈશ્વિક સંગઠનો અમેરિકાના ઈશારે ચાલતા રહ્યા. અમેરિકા ધારે તે દેશના આંતરિક-બાહ્ય પોલિટિક્સમાં દખલ કરે. ધારે ત્યારે સત્તાઓ ઉથલાવી નાખે. રશિયાના વિઘટન પછી તો અમેરિકાનો જ એકતરફી દબદબો સ્થાપિત થયો. જોકે, વીટો પાવર અમેરિકા ઉપરાંત ચાર દેશો પાસે હતો એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘના નિર્ણયોમાં રશિયા-ચીનની ધરી બની એટલે થોડું સંતુલન રહ્યું. એક તરફ અમેરિકા-બ્રિટન-ફ્રાન્સ અને બીજી તરફ રશિયા-ચીન. સંયુક્ત રશિયાના ટૂકડા થયા તેના દોઢ-બે દશકા પછી રશિયાએ ફરીથી અસલ રંગ અને મિજાજ બતાવવાનું શરૂ કર્યું.

૨૧મી સદીના પ્રથમ દાયકામાં ચીને પણ માસ પ્રોડક્શનના જોરે અર્થતંત્ર મજબૂત બનાવ્યું અને હવે રશિયાથી પણ વધારે મજબૂત ચીન છે - એવી ઈમેજ બનાવી. અમેરિકાની એકથી વધુ થિંક ટેંક્સ વારંવાર કહે છે કે હવે અમેરિકાને રશિયાથી નહીં ચીનથી સાવધાન રહેવાની જરૂર છે. ચીન માત્ર માસ પ્રોડક્શનના આધારે જ નહીં, પરંતુ ગ્લોબલ પૉલિટિક્સમાં પણ અમેરિકાને ટક્કર આપવા લાગ્યું છે. ચીનનું સૈન્ય મજબૂત બન્યું છે. ચીનનો પગપેસારો દુનિયાના ખૂણે ખૂણે પહોંચ્યો છે. અત્યાર સુધી અમેરિકા દુનિયાભરમાં કોઈને કોઈ રીતે લશ્કરી હાજરી પૂરાવીને દુનિયાને ડરાવી શકતું હતું, પરંતુ હવે ચીને પણ એવી પહોંચ બનાવી દીધી છે.

ચીને દક્ષિણ ચીની સમુદ્રમાં હાહાકાર મચાવ્યો છે ને હિંદ-પ્રશાંત મહાસાગરમાં પણ એની હાજરી રહે છે. દક્ષિણ ચીની સમુદ્રના કાંઠે આવેલા તમામ દેશોને ચીન એક નહીં તો બીજી રીતે ધમકાવે છે. સતત અવળચંડાઈ કરીને ધાક જમાવવાની કોશિશ કરે છે. જમીની સરહદે પણ ચીનની દાદાગીરી ચારેબાજુ વધતી જાય છે. વર્ષો પહેલાં ચીનનો ડોળો તિબેટ પર મંડાયો હતો અને આજે આ ડ્રેગને આખું તિબેટ ગળી લીધું છે. તિબેટની ધાર્મિક-સાંસ્કૃતિક ઓળખ ભૂસી નાખવા ચીને દાયકાઓ સુધી કવાયત કરી અને આજે તિબેટ પર ચીનનો અંકુશ છે. એવું જ હવે તાઈવાનનું કરવાની ચીનની ગણતરી છે.

અમેરિકા ઈરાન યુદ્ધમાં વ્યસ્ત છે. રશિયા યુક્રેન યુદ્ધમાં બરાબર ભેરવાઈ ગયું છે. બ્રિટન રાજકીય-આર્થિક રીતે બેહાલ છે. પહેલાં જેવો મોભો રહ્યો નથી. બ્રિટન હવે માત્ર નામનું મહાસત્તા છે. ફ્રાન્સ પાસે તો ક્યારેય મહાસત્તા જેવો રુઆબ હતો નહીં. ડિફેન્સ ટેકનોલોજીમાં નામ હોવાથી એનો શસ્ત્રોનો વેપાર ધમધમે છે એ વાત સાચી, પરંતુ ફ્રાન્સનો યુરોપ બહાર એવો કોઈ રાજકીય-આર્થિક પ્રભાવ નથી. આવી પરિસ્થિતિનો ગેરલાભ લઈને ચીન તાઈવાનને ગળી જવાની પેરવીમાં છે. અમેરિકાનું બધું જ ધ્યાન અત્યારે ઈરાન પર છે. ચાર-પાંચ દિવસમાં પૂરું કરવા ધારેલું યુદ્ધ હવે અમેરિકા માટે ગળાની ફાંસ બની ચૂક્યું છે. સાપે છછૂંદર ગળ્યા જેવું થયું છે. ટ્રમ્પ દરરોજ સવારે ઉઠીને હોંકારા-પડકારા કરે છે અને ધમકીઓ આપે છે, પણ સાંજ સુધીમાં ધમકીનો સૂર મોળો પડી જાય છે ને વાટાઘાટોની તરજ શરૂ થઈ જાય છે. રશિયાનું ફોકસ પણ યુક્રેન છે. આમેય રશિયા ચીનનું સમર્થક છે. બ્રિટન-ફ્રાન્સની તો ખાસ ગણતરી નથી. ચીન શું કરે છે એના પર દુનિયાનું ખાસ ધ્યાન નથી એનો ફાયદો લઈને ચીને દક્ષિણ ચીની સમુદ્રમાં તાઈવાન ફરતે ગાળિયો મજબૂત બનાવ્યો છે.

દક્ષિણ ચીની સમુદ્રના ૯૦ ટકા વિસ્તારમાં ચીન દાવો કરે છે. તેના ભાગરૂપે જ સ્પ્રાટલી ટાપુ પર ચીનનો દાવો છે. આ ટાપુઓમાં જ છેલ્લાં થોડા સમયથી ચીનની લશ્કરી ગતિવિધિ વધી છે. સેટેલાઈટ ઈમેજના આધારે દાવો થયો છે કે આસપાસના નાના-મોટા ટાપુઓમાં ચીને ત્રણ કામચલાઉ લશ્કરી મથકો બનાવી દીધા છે. તેનાથી ચીનને તાઈવાનને ઘેરવામાં મદદ મળશે. ચીન વારંવાર યુદ્ધજહાજો તાઈવાનમાં ઘૂસાડીને શક્તિ પ્રદર્શનો તો કરે જ છે. એકાદ વર્ષ પહેલાં તો ચીને તેની સરહદ પરથી એક સામટા ૭૪ ફાઈટર વિમાનોનો કાફલો તાઈવાન તરફ રવાના કર્યો. એમાંથી ૧૩ વિમાનો સરહદની સાવ નજીક ચક્કર લગાવીને પાછા ફર્યા. ૬૧ વિમાનો તાઈવાનની એરસ્પેસમાં ઘૂસ્યા. થોડાં સમય સુધી ચીનના એ ફાઈટર વિમાનોએ તાઈવાનના આકાશમાં શક્તિ પ્રદર્શન કર્યું અને પછી ફરીથી ચીનમાં પાછા ફર્યા.

તાઈવાનની સરહદ નજીક ચીન એરફોર્સ-નેવીને તૈનાત રાખીને પણ ડરનો માહોલ બનાવી રાખે છે.

દુનિયા બે મોટા યુદ્ધોમાં અટવાયેલી છે ત્યારે જિનપિંગે ખૂબ જ ચુપકીદીથી તાઈવાન મિશન શરૂ કરી દીધું છે. ફિલિપાઈન્સ અને જાપાન ચીનને પડકાર ફેંકે છે અને દક્ષિણ ચીની સમુદ્રમાં ચીનની આગેકૂચ અટકાવે છે, પરંતુ અમેરિકા વગર ચીન સામે લડવાનું તેમનું ગજુ નથી. ભવિષ્યની ચિંતા પારખીને હવે જાપાને ૮૦ વર્ષ જૂની લશ્કરી પૉલિસી બદલી છે ને હવે વિશાળ લશ્કર બનાવવાની દિશામાં પગલાં ભર્યા છે, પણ ત્યાં સુધી પહોંચતા હજુ જાપાનને બે દશકા લાગી જવાના છે.

દક્ષિણ ચીની સમુદ્રના ટાપુઓમાં ચીને રનવે, એરક્રાફ્ટ શેલ્ટર, ઈંધણ અને હથિયારો માટે સ્ટોરેજ, સેન્સર સિસ્ટમ, રડાર અને હેંગર બનાવી દીધા છે. આ ટાપુ પર ઓછામાં આછો એક ડઝન લડાકુ વિમાનો માટે સુવિધા ઉભી કરવામાં આવી છે. આ સમુદ્રમાં તાઈવાનને નિશાન બનાવી શકાય તેવા સાત કૃત્રિમ ટાપુઓ ચીને બનાવ્યા છે. આ ટાપુઓ ફિલિપાઈન્સની જળસીમાની નજીક હોવાથી ચીન-ફિલિપાઈન્સ વચ્ચે વારંવાર ઘર્ષણ થાય છે, પરંતુ ચીન એવી પરવા કર્યા વગર સતત ઘૂષણખોરી શરૂ રાખે છે. આ ટાપુઓ પર રિસર્ચ જહાજોના નામે નાના કદના યુદ્ધજહાજો તૈનાત રાખે છે. અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયું ન હતું ત્યારે અમેરિકા તાઈવાન પર આવી એક્ટિવિટી થાય કે તરત જ રિએક્ટ કરતું હતું. પરંતુ હવે તાઈવાન બાબતે હવે અમેરિકાના નિવેદનો આવતા નથી ત્યાં ચીન ખેલ પાડી દેવાની વેતરણમાં છે. તાઈવાને અનેક વખત એવી દહેશત વ્યક્ત કરી છે કે ચીન ગમે ત્યારે હુમલો કરી શકે છે. ચીનની છેલ્લાં સમયની ગતિવિધિના આધારે ફરીથી એ ભીતિ ઉપસી છે.

# વિયેતનામ: એશિયાનું નવું આર્થિક પાવરહાઉસ



**અતુલ સચદેવા, વરિષ્ઠ પત્રકાર**

વિયેતનામ: એશિયાનું નવું આર્થિક પાવરહાઉસ - અતુલ સચદેવા, વરિષ્ઠ પત્રકાર

અતુલ સચદેવા - નવી દિલ્હી આજે દુનિયામાં વિયેતનામ: એશિયાનું નવું આર્થિક પાવરહાઉસ

છેલ્લા 10-15 વર્ષોમાં વિયેતનામમાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે. તે હવે 'વિશ્વની ફેક્ટરી 2.0' તરીકે ઓળખાય છે.

### 1. વિયેતનામમાં કયા વિકાસ થયા છે?

A. ઈન્ફ્રાસ્ટ્રક્ચર

- બંદરો: કેટ લાઈ અને હૈ ફોંગ બંદરો વિશ્વના ટોચના 20 બંદરોમાં સામેલ છે. શિપિંગ ખૂબ ઝડપી છે.
- રસ્તાઓ અને મેટ્રો: હનોઈ અને હો ચી મિન્હ સિટીમાં નવા મેટ્રો અને હાઈવે બનાવવામાં આવી રહ્યા છે.
- વીજળી: વીજળીનો અભાવ દુર્લભ છે. સરકારે સૌર અને પવન ઊર્જામાં $15 બિલિયનનું રોકાણ કર્યું છે.

B. ટેકનોલોજી અને શહેરો

- હો ચી મિન્હ સિટી અને દા નાંગ 'સ્ટાર્ટઅપ હબ' બની ગયા છે. ફિનટેક અને ઈ-કોમર્સ તેજીમાં છે.
- સેમસંગ અને ઈન્ટેલના R&D કેન્દ્રો પણ અહીં ખુલી રહ્યા છે.

### 2. મુખ્ય ઉદ્યોગો અને વ્યવસાયો કયા છે?

વિશ્વમાં આ ઉદ્યોગ કયા ક્રમે છે?

ઈલેક્ટ્રોનિક્સ, ફોન, લેપટોપ, ચિપ, બેટરી ઉત્પાદન: ફોન નિકાસમાં ★2

કાપડ + શૂઝ નાઈકી, ઝારા અને યુનિક્લો કપડાં નિકાસ: ★3

ફર્નિચર + લાકડું યુએસ અને ઈયુમાં સોફા અને ટેબલ નિકાસ: ★2

કૃષિ કોફી, ચોખા, કાજુ અને મરી: કોફીમાં ★2, કાજુમાં ★1

*વિયેતનામમાં નવા ઉદ્યોગો: EV બેટરી, સોલાર પેનલ અને સેમિકન્ડક્ટર ઝડપથી વધી રહ્યા છે

ઘરેલું વ્યવસાયો પણ તેજીમાં છે - VinGroup કાર બનાવે છે, VNG એક ગેમિંગ અને ટેક કંપની છે, અને Viettel Telecom એક ટેલિકોમ કંપની છે.

### 3. સરકારી નીતિ અને નીતિ શું છે?

વિયેતનામની સફળતાનું વાસ્તવિક કારણ સરકારી નીતિ છે.

1. 1986 થી દોઈ મોઈ સુધારા

તે એક સામ્યવાદી દેશ છે, પરંતુ અર્થતંત્ર સંપૂર્ણપણે ખુલ્લું છે. ખાનગી કંપનીઓ અને વિદેશી રોકાણ મુક્તપણે ઉપલબ્ધ છે.

2. FDI માટે રેડ કાર્પેટ

- વિદેશી કંપનીઓને 4 વર્ષ માટે કરમુક્તિ મળે છે
- 50 વર્ષ માટે સસ્તા દરે જમીન
- એક-વિન્ડો સિસ્ટમ: 45 દિવસમાં ફેક્ટરી પરવાનગી આપવામાં આવે છે

3. મુક્ત વેપાર કરારોનું વેબ

CPTPP, EVFTA, RCEP, ભારત-આસિયાન FTA. 17 સોદા. મતલબ, 60+ દેશોમાં માલ કરમુક્ત વેચી શકાય છે.

### 4. "ચીન + 1" નીતિ

સરકાર ચીન પરની તેમની નિર્ભરતા ઘટાડવા માટે ઈરાદાપૂર્વક યુએસ, જાપાન અને કોરિયાની કંપનીઓને આમંત્રિત કરી રહી છે.

5. માનવ સંસાધન

શાળાઓમાં ટેકનિકલ શિક્ષણ, સરકાર એન્જિનિયરિંગ કોલેજો ખોલી રહી છે. કામદારો શિસ્તબદ્ધ અને શિક્ષિત છે.

4. ૨૦૨૬ માટેના મુખ્ય આંકડા

- GDP વૃદ્ધિ: ૬.૫% - ૭% - એશિયામાં ટોચનું સ્થાન
- FDI: $૩૬ બિલિયન/વર્ષ
- નિકાસ: $૩૮૦ બિલિયન
- ગરીબી: ૧૯૯૦માં ૬૦%, આજે ૫% કરતા પણ ઓછું

સરળ શબ્દોમાં કહીએ તો

વિયેતનામે ત્રણ બાબતો યોગ્ય રીતે કરી:

૧. સસ્તી મજૂરી + શિસ્ત
૨. વિશ્વ સાથે મુક્ત વેપાર
૩. સરકારે વ્યવસાયોને હેરાન કર્યા નહીં

તેથી જ આજે દરેક કંપની 'ચીન + વિયેતનામ' કહે છે.

પડકાર: અત્યારે, વિયેતનામ ફક્ત 'જોડી રહ્યું છે'. તેને 'ડિઝાઈન અને ચિપ ઉત્પાદન' શીખવાની જરૂર છે. તેને વધુ વીજળી અને બંદરોની જરૂર છે.

# વિમાન પ્રવાસમાં વધતા જોખમો હાઈસ્પીડ ટ્રેનોમાં વધુ સવલતો

જે રીતે વિમાન પ્રવાસ જોખમી બની રહ્યા છે તે જોતાં એમ લાગે છેકે લોકો વંદેભારત જેવી હાઈ સ્પીડજ ટ્રેનમાં પ્રવાસ કરવાનું વધુ સલામત અને આરામદાયક સમજી રહ્યા છે. વિમાન પ્રવાસ દરમ્યાન એ.સી બંધ હોવા જેવી અનેક ફરિયાદો સાંભળનાર કોઈ નથી હોતું. હવેના નવા એસટી મથકો પણ એરપોર્ટ જેવા લાગી રહ્યા છે. તાજેતરમાં અમદાવાદ ખાતે બીજું એસટી બસ સ્ટેન્ડ ખુલ્લું મુકાયું ત્યારે લોકોને ખ્યાલ આવ્યો કે એસટી મથક અનેક સુવિધાઓથી સજ્જ પણ બનાવી શકાય છે.

આપણે એમ સાંભળતા આવ્યા છેકે બસનો ડ્રાઈવર પીધેલો હતો માટે અકસમાત થયો પરંતુ ગયા અઠવાડિયે ફૂકેત થી દિલ્હી જઈ રહેલી એરઈન્ડિયાની ફ્લાઈટને લાગેલા આંચકાની પાછળ પીધેલો પાઈલોટ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. એર ટર્બ્યુલન્સ(વિમાનના આંચકા) બહુ ખતરનાક હોય છે. વિમાન અકસ્માત પણ થઈ શકે છે. દિલ્હી જતી એરઈન્ડિયાની ફ્લાઈટ અચાનકજ ૩૦૦ ફૂટ નીચે આવી જતાં સીટની ઉપર મુકાતા સામાન પ્રવાસીઓ પર પડયો હતો. અચાનકની ઘટનાથી વિમાનમાં ચીસાચીસ અને બચાવોની બૂમો પડી હતી. ૧૪ લોકોને ઈજા થઈ હતી.

આ મામલો માંડ ચર્ચામાંથી દુર થયો હતો ત્યાં તો ગઈકાલે સ્પાઈસ જેટની ફ્લાઈટમાં એસી બંધનો ડખો ચર્ચાસ્પદ બન્યો હતો. એસી બંધ હોવાની ફરિયાદ સાંભળનાર પણ કોઈ નહોતું. વિમાનની અંદર પ્રવાસીઓનું ધ્યાન રાખતા એટેન્ડન્ટ પાસે પણ કોઈ જવાબ નહોતો. વિમાનમાં રહેલી ટેકનિકલ ખામીના નિકાલ માટે વિમાન કંપનીઓ બહુ ગંભીર નથી હોતી. જો પ્રવાસીઓને કલાક પહેલાં એરપોર્ટ પર બોલાવી લેવાતા હોય તો તે સમય દરમ્યાન ટેકનીકલ ચેકઅપની જાણ પણ પ્રવાસીઓને કરવી જોઈએ એવો મત પ્રવર્તી રહ્યો છે.

મુંબઈ કે સુરત જતા લોકો માટે હાઈસ્પીડ ટ્રેન વંદેભારત આશિર્વાદ રૂપ બની છે. કલાક વહેલા નહીં જવાનું, પ્રવાસીની ફરિયાદ માટેના ફોન નંબરોને ત્વરીત ઉકેલ.એસી ચાલતુ ના હોય તો ફરયાદ કરો, કચરો પડી રહ્યો હોય તો ફરિયાદ કરો જેવી સવલતોના એનાઉન્સમેન્ટ જોવા મળે છે. ટ્રેનોમાં કવચ સિસ્ટમનો ઉપયોગ શરૂ કરાયા બાદ સામસામે ટ્રેન ટકારાવાની ઘટના હવે જોવા નથી મળતી.

વંદેભારત જેવી ટ્રેનમાં પ્રવાસ એ લકઝરી પ્રવાસની યાદીમાં આવે છે. મુંબઈ જવા માટે વિમાન પ્રવાસ કરતાં હાઈસ્પીડ ટ્રેનનો ચાર્જ ૭૦ ટકા ઓછો છે. ડોમેસ્ટીક ફ્લાઈટમાં મુબઈની ટિકીટ એવરેજ ૩૫૦૦ રૂપિયા છે. ઈમર્જન્સીમાં ચાર્જ ૯,૫૦૦ સુધી પહોંચે છે તો વંદેભારત,શતાબ્દી,તેજસ જેવી ટ્રેનમાં એવરેજ ૧૩૦૦ રૂપિયા ચાર્જ લે છે. અમદાવાદમાં એરપોર્ટ પર જવાનો ખર્ચ, મુંબઈ ઉતર્યા પછીનો ટેક્ષી ખર્ચ, મોબાઈલ જોવાની સવલત,એરપોર્ટ પર કલાક વહેલાં પહોંચવું તેમજ પ્રવાસ દરમ્યાન અકસ્માતનો સતત ડર વગેરે જોતાં હાઈસ્પીડ ટ્રેન વધુ સલામત,સસ્તી અને આરામ દાયક હોય છે.

# મોંઘવારી, નબળું ચોમાસું અને અમેરિકી ટેરિફથી અર્થતંત્ર ઉપર વ્યાપક દબાણ !

દેશની સર્વોચ્ચ બેન્ક આરબીઆઈને તાજેતરમાં યોજાયેલી બેઠકમાં જે ચર્ચા થઈ અને જે નિર્ણયો લેવાયા તે દેશના અર્થતંત્ર માટે ખૂબ જ મહત્ત્વ ધરાવતા હતા. તેનાથી પણ વધારે દેશના સામાન્ય માણસોની જિંદગીને રોજિંદા ધોરણે વ્યાપક અસર કરનારા પણ હતા. આ બેઠકમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, આગામી સમય દેશના અર્થતંત્ર માટે પડકારજનક રહેવાનો છે. ક્રૂડનું સંકટ હજુ શાંત પણ નથી થયું ત્યાં નબળા ચોમાસા, વધતી મોંઘવારી અને યુએસ ટેરિફ સંબંધિત નવી મુશ્કેલીઓએ ભારતીય અર્થતંત્રની ચિંતાઓ વધારી દીધી છે. તાજેતરમાં આરબીઆઈએ નાણાકીય નીતિ સમિતિની બેઠક બાદ દેશમાં મોંઘવારી, આર્થિક સ્થિતિ અને જીડીપીના ગ્રોથ રેટ સાથે જોડાયેલી વાસ્તવિક તસવીર રજૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત મોંઘવારીનો અંદાજ ૫ ટકા કર્યો છે. જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૭ ટકા કરવામાં આવ્યો છે. ખાસ કરીને રેપો રેટને સતત ચોથી વખત ૫.૨૫ ટકાના સ્તરે યથાવત્ રાખવામાં આવ્યો છે. આરબીઆઈએ એવું પણ કહ્યું છે કે આગામી દિવસોમાં અલ નીનોની અસર, ચોમાસું નબળું રહેવાને કારણે અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને લીધે ખાણીપીણીની ચીજવસ્તુઓ અને પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં પશ્ચિમ એશિયા સંકટ અને અમેરિકાની આર્થિક નીતિઓનું ભારતીય અર્થતંત્ર પર ચારેય તરફથી દબાણ જોવા મળી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નવા-નવા આર્થિક અને વ્યાપારી પ્રોટેક્શનિસ્ટ પગલાંથી ભારત માટે પડકારો વધી ગયા છે. આ સ્થિતિ મુખ્યત્વે અમેરિકાના વેપાર, કૃષિ, બૌદ્ધિક સંપદા અને શ્રમ બજાર સાથે જોડાયેલા નીતિગત ફેરફારોને કારણે ઊભી થઈ છે. આયાત પર વધારાનો કર લાદવાથી અને નીતિઓ કડક બનાવવાથી ભારતીય નિકાસ પ્રભાવિત થઈ રહી છે. આ સાથે જ અમેરિકા પોતાના કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારતીય બજારમાં વધુ પહોંચની માંગ કરી રહ્યું છે. અમેરિકાની વિઝા નીતિઓમાં કડકાઈ અને ફી વધારાથી ભારતીય માહિતી-ટેકનોલોજી કંપનીઓ અને વ્યાવસાયિકો સામે વ્યાપક અનિશ્ચિતતા ઊભી થઈ રહી છે. તાજેતરમાં જ અમેરિકી સંસદના સેનેટે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસ ખરીદનારા દેશો સામે પગલા લેવા એક આકરું બિલ રજૂ કર્યું છે.



પાક્કો ગુજરાત

શનિવાર | 15 ઓગસ્ટ 2026 | અમદાવાદ

### પરિવર્તન છતાં નગરજનોની મુશ્કેલીઓ યથાવત્ : પ્રજામાં ભારે રોષ

# ડભોઈમાં ખાડામાં રોડ છે કે રોડમાં ખાડા?

"નવીનગરી થી પરબડી સુધીના રસ્તા પર તો એટલા ખાડા છે કે ડિલિવરી માટે દવાખાને પહોંચતા પહેલા રિક્ષામાં જ મહિલાની ડિલિવરી થઇ જાય એવી ગંભીર પોઝિશન ઊભી થઇ છે. સ્થિતિ એટલી ખરાબ છે કે કોઈપણ વાહનચાલકને આ વિસ્તારમાં આવવાનું કહીએ તો નામ સાંભળીને જ ના પાડી દે છે. નગરસેવકો વહેલી તકે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે અને આ ભયાનક સમસ્યાનો ઉકેલ લાવે તે જ અમારી માંગણી છે." — સલમાબેન સલીમભાઈ મનસુરી (સ્થાનિક રહીશ)

ડભોઇ

ડભોઇ નગરપાલિકા વિસ્તારમાં હાલ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. સમગ્ર નગરમાં મુખ્ય માર્ગોથી લઈને આંતરિક રસ્તાઓનું ધોવાણ થઈ જતાં રોડમાં ખાડા છે કે ખાડામાં રોડ તે ઓળખવું મુશ્કેલ બની ગયું છે. નગરપાલિકાની ચૂંટણીમાં સ્થાનિક પ્રજાએ ઉત્સાહભેર ખોબો ભરીને મત આપી સત્તા પરિવર્તન કર્યું અને કોંગ્રેસને સત્તા સોંપી હતી. પરંતુ સત્તા બદલાયા છતાં નગરજનોની કિસ્મત ન બદલાઈ હોય તેમ વિકાસના નામે કોઈ નક્કર કામગીરી ન થતાં પ્રજામાં તીવ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે. ડભોઇ નગરમાં જ્યાં જુઓ ત્યાં માત્ર ખાડાઓનું સામ્રાજ્ય નજરે પડે છે. ખાસ કરીને મહુડી ભાગોળ, એસ.ટી. ડેપો રોડ, જનતાનગર અને નવી નગરી, રાણાની હોટલથી સ્ટેશન રોડ, સ્ટેટ બેંક વિસ્તાર, કાજીવાડ મસ્જિદ આસપાસનો વિસ્તાર–આ તમામ મુખ્ય અને સતત ધમધમતા વિસ્તારોમાં મસમોટા ખાડા પડી જતાં વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે અહીંથી પસાર થવું જોખમી બની ગયું છે. દ્વિચક્રી





વાહનચાલકો અવારનવાર સ્લીપ થઈને ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, પાલિકાના સત્તાધીશોને વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય રહ્યું છે. તંત્ર દ્વારા માત્ર દેખાડો કરવા ખાતર ખાડાઓમાં માટી કે મેટલ-કાંકરી નાખીને સંતોષ માની લેવામાં આવે છે. વાહનોની અવરજવર અને વરસાદના સામાન્ય ઝાપટામાં આ પૂરણ ધોવાઈ જાય છે, જેના લીધે પરિસ્થિતિ હતી તેવી ને તેવી જ બની રહે છે.

બિસ્માર રસ્તાઓને કારણે સામાન્ય જનજીવન તો પ્રભાવિત થયું જ છે, પરંતુ સૌથી ગંભીર સ્થિતિ બીમાર દર્દીઓ અને પ્રસૂતિ માટે લઈ જવાતી મહિલાઓની થાય છે. એમ્બ્યુલન્સ કે ખાનગી વાહનોમાં ખાડાઓના આંચકાઓને કારણે સગર્ભા મહિલાઓનો જીવ જોખમમાં મુકાય છે. વડીલો અને બાળકો માટે આ રસ્તાઓ પરથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું છે.

સ્થાનિક લોકોમાં એવી ચર્ચા જોર પકડી રહી છે કે, મોટી આશાઓ સાથે પ્રજાએ પરિવર્તન લાવી કોંગ્રેસને સત્તા સોંપી હતી પરંતુ શાસકો પ્રજાની પ્રાથમિક સુવિધાઓ પ્રત્યે સંપૂર્ણપણે બેદરકાર સાબિત થયા છે.

'કાજીવાડથી નવીનગરી જતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અમારા જેવા ઘરડા માણસોને ચાલવામાં પણ મોટી તકલીફ પડી રહી છે. રસ્તા પર એટલા બધા ખાડા છે કે પાણી ભરાયા પછી ખાડા દેખાતા જ નથી. એવું લાગે છે કે ખાડામાં પાણી છે કે પાણીમાં ખાડા! ખોબે ખોબા ભરીને આ વિસ્તારના લોકોએ નગરસેવકોને મત આપ્યા હતા, પણ હવે આ નગરસેવકો જાગે અને વહેલી તકે સમસ્યાનું નિરાકરણ લાવે તેવી અમારી માંગ છે.' – નગીનભાઈ સુનિલભાઈ પાટણવાડીયા (સ્થાનિક રહીશ)

## જેતપુરમાં બ્રેઝા કારમાંથી દેશી દારૂના જથ્થા સાથે 2 આરોપીઓ ઝડપાયા, રૂપિયા 9.38 લાખનો મુદ્દામાલ જપ્ત

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ વિજયસિંહ ગુર્જર ના માર્ગદર્શન હેઠળ આગામી પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે પ્રોહીબીશનની પ્રવૃત્તિ નાબૂદ કરવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જેતપુર ડીવીઝનના નાયબ પોલીસ અધીક્ષક રોહિતસિંહ ડોડીયાના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની ટીમે એક પ્રશંસનીય સફળતા મેળવી છે. ઉદ્યોગનગર પોલીસના પીઆઈ એસ.એચ.શર્મા તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. કે.બી.ગઢવી અને ટીમ પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન પો.હેડ.કોન્સ. રાજુભાઈ સાંબળા તથા નિલેશભાઈ મકવાણા ને મળેલી સચોટ બાતમીના આધારે નેશનલ હાઈવે પર, નવાગઢ બ્રીજ ઉતરીને રામદેવપીરના મંદિર પાસે વોચ ગોઠવવામાં આવી હતી.

આ વોચ દરમિયાન પોરબંદર તરફથી રાજકોટ તરફ જતી એક સફેદ કલરની મારૂતી બ્રેઝા કાર નંબર GJ 03 PD 8275 ને અટકાવી તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી ૬૪૦ લીટર દેશી દારૂ (કિંમત રૂ. ૧,૨૮,૦૦૦/-), ગુનામાં વપરાયેલી મારૂતી બ્રેઝા કાર (કિંમત રૂ. ૮,૦૦,૦૦૦/-) અને ૨ નંગ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૦,૦૦૦/-) મળીને કુલ રૂ. ૯,૩૮,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



આ કેસમાં પોલીસે બે આરોપીઓ (૧) રાયમલભાઈ રાણાભાઈ માલાણી (રહે. શાપર વેરાવળ, જી.રાજકોટ) અને (૨) સંજયભાઈ લક્ષ્મણભાઈ વેશ (રહે. તા. રાણાવાવ, જી.પોરબંદર) ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય એક સહ-આરોપી અલ્પેશભાઈ ટપુભાઈ વેશ (રહે. કેડો, બિલેશ્વર ગામ, તા.રાણાવાવ, જી.પોરબંદર) ને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### વિજાપુર કોલેજમાં 'હર ઘર તિરંગા' અભિયાન ઉજવાયું

## વંદે માતરમ ગાન, ગીત સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા





મહેસાણા

વિજાપુરની આર.આર.એચ. પટેલ મહિલા આર્ટસ કોલેજમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વંદે માતરમનું સમૂહગાન, દેશભક્તિ ગીત સ્પર્ધા અને સાંસ્કૃતિક રજૂઆતોનો સમાવેશ થતો હતો. ટ્રસ્ટી બી.કે. પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને આચાર્યના ઉદ્બોધન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

દેશભક્તિ ગીત સ્પર્ધામાં રાઠોડ શ્રદ્ધાબા એમ. પ્રથમ, પટેલ એન્જલ એસ. દ્વિતીય અને પટેલ નેશ્વા કે. તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીનીઓએ ગુજરાતી ગરબા અને રાજસ્થાની લોકનૃત્ય 'ઘૂમર'ની પ્રભાવશાળી રજૂઆત કરી હતી.

કાર્યક્રમના સમાપન સમયે ભાટી હેપ્પી, રાઠોડ તન્વી, પટેલ નેશ્વા અને પટેલ જીયાએ વંદે માતરમનું સમૂહગાન કર્યું હતું. આ સમૂહગાનમાં કોલેજની તમામ વિદ્યાર્થીનીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. ઈનામ વિતરણ પછી તિરંગા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક જીજ્ઞા વોહરા અને ડૉ. પ્રકાશ પંડ્યાના માર્ગદર્શન હેઠળ 'નૃત્ય-ગીત-સંગીત ધારા' અંતર્ગત થયું હતું. પ્રિન્સિપાલ સુરેશભાઈ પટેલે વિદ્યાર્થીનીઓના દેશભક્તિપૂર્ણ પ્રયાસોને બિરદાવ્યા હતા.

## જુનાગઢમાં ક્રાઇમ બ્રાન્ચ અને 'A' ડિવિઝન પોલીસની કાર્યવાહી: વરલી મટકા અને જુગારધામ પર દરોડા

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાં ગેરકાયદેસર વ્યાજવટાવની પ્રવૃત્તિઓ જડમૂળથી નાબૂદ કરવા ચાલી રહેલી સ્પેશિયલ ઝુંબેશ અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચે મોટી સફળતા મેળવી છે. જાણીતા બિલ્ડર અશ્વિન માળીના પુત્ર યશ માળીએ નોંધાવેલી ફરિયાદના આધારે નામચીન વ્યાજખોર લખમણભાઈ ઉર્ફે લખન ઉર્ફે બબન નાથાભાઈ કોડીયાતરની અટકાયત કરવામાં આવી છે. આરોપીએ વર્ષ 2012થી માસિક 2થી 5 ટકાના ઊંચા વ્યાજે પૈસા આપીને પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. તેણે બળજબરીપૂર્વક દુકાનો, પ્લોટ અને જમીનોના દસ્તાવેજો લખાવી લીધા હતા તેમજ કોરા ચેક અને પ્રોમિસરી નોટો પડાવીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. રામચોક વિસ્તારમાંથી ઝડપાયેલા આ આરોપી સામે ભૂતકાળમાં પણ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ગંભીર ગુના નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચે અન્ય પીડિતોને પણ નિડર થઈને સંપર્ક કરવા અપીલ કરી છે. બીજી તરફ, જૂનાગઢ 'A' ડિવિઝન પોલીસ ટીમે પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચેશ્વર રોડ પર નવા પુલ નજીક દરોડો પાડ્યો હતો.

## નાયબ કલેક્ટરે નાની મોલડી શાળાની મુલાકાત લીધી : શૈક્ષણિક ગુણવત્તા અને મધ્યાહન ભોજનની ચકાસણી કરી

સુરેન્દ્રનગર

ચોટીલાના નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ નાની મોલડી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. તેમણે શાળાની શૈક્ષણિક કામગીરી, વિદ્યાર્થીઓની પ્રગતિ અને મધ્યાહન ભોજનની વ્યવસ્થાની સ્થળ પર ચકાસણી કરી.

નાયબ કલેક્ટરે ધોરણ-6ના વર્ગખંડની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓની સમજ અને જ્ઞાનનું મૂલ્યાંકન કર્યું. ખાસ કરીને ગણિત વિષયમાં લઘુકોણ, ગુરુકોણ અને કાટકોણ જેવા ખૂણાઓ વિશે વિદ્યાર્થીઓની સમજ ચકાસવામાં આવી.



આ મુલાકાત દરમિયાન, વર્તુળના કુલ ડિગ્રી અંગેના પ્રશ્નનો વિદ્યાર્થીની માનસીબેન અરવિંદ પરમારે સાચો જવાબ આપ્યો હતો. નાયબ કલેક્ટરે તેમને સ્થળ પર જ રૂ. 100નું રોકડ ઈનામ આપી સન્માનિત કર્યા. તેમણે વિદ્યાર્થીઓને મહેનત, જિજ્ઞાસા અને સતત અભ્યાસ દ્વારા ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે પ્રોત્સાહિત કર્યા.

ત્યારબાદ, નાયબ કલેક્ટરે શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લીધી. તેમણે ભોજનની ગુણવત્તા, જથ્થો, સ્વચ્છતા અને વિદ્યાર્થીઓને નિયમિત તથા યોગ્ય પ્રમાણમાં ભોજન મળે છે કે નહીં તેની ચકાસણી કરી. વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ અને ભોજનની ગુણવત્તા જાળવવા માટે તેમણે જરૂરી સૂચનાઓ આપી.

નાયબ કલેક્ટરની આ મુલાકાતનો મુખ્ય હેતુ શાળામાં વિદ્યાર્થીઓને મળતી શૈક્ષણિક સુવિધાઓ, તેમની શૈક્ષણિક સમજ અને મધ્યાહન ભોજન સહિતની વ્યવસ્થાઓની સમીક્ષા કરી ગુણવત્તામાં સતત સુધારો સુનિશ્ચિત કરવાનો હતો.

### શ્રાવણ માસમાં મર્યાદા નેવે મુકાઈ

## સુરતમાં ધાર્મિક મંચ પર અશ્લીલ ડાન્સથી વિવાદ : સ્થાનિકોના રોષથી આયોજકોએ જાહેરમાં માફી માગી

સુરત

સુરતના ડિંડોલીમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પ્રમુખ પાર્ક બ્રિજ નીચે એક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો ભક્તિભાવપૂર્વક એકઠા થયા હતા. જો કે, કાર્યક્રમ દરમિયાન અચાનક જ ધાર્મિક વાતાવરણ ડહોળાયું હતું અને ભક્તિના બદલે મંચ પર ભોજપુરી ગીતો પર અશ્લીલ ડાન્સ શરૂ થયો હતો. અચાનક સ્ટેજ પરથી ભોજપુરી ગીતો વાગવાનું શરૂ થઈ ગયું હતું. આટલું જ નહીં, આમંત્રિત કલાકારો દ્વારા મંચ પરથી જ અત્યંત અશ્લીલ અને મર્યાદા વગરનું નૃત્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસમાં આવી અશ્લીલતા જોઈને ત્યાં



હાજર શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહીશોમાં રોષ વ્યાપી ગયો હતો. લોકોએ તરત જ આ કાર્યક્રમ સામે વિરોધ નોંધાવીને હોબાળો મચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિંડોલી વિસ્તારમાં ઉત્તર ભારતથી આવીને વસેલા લોકોની વસતી ખૂબ જ મોટી સંખ્યામાં છે. ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા આ પવિત્ર તહેવારમાં ભોજપુરી કલાકારો દ્વારા કરવામાં આવેલા અશ્લીલ પ્રદર્શનથી સમગ્ર વિસ્તારના શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ હતી. વિરોધ એટલો ઉગ્ર બન્યો હતો કે લોકોએ આયોજકોને તાત્કાલિક કાર્યક્રમ બંધ કરવા અને જવાબદારી સ્વીકારવા માટે મજબૂર કર્યા હતા. આખરે પરિસ્થિતિ વણસતી અટકાવવા માટે આયોજકો બેકફૂટ પર આવી ગયા હતા. પોતાની મોટી ભૂલ સ્વીકારીને આયોજકોએ તરત જ કાર્યક્રમ અટકાવ્યો હતો અને જાહેર જનતા તેમજ શ્રદ્ધાળુઓ સમક્ષ હાથ જોડીને માફી માગી હતી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમોમાં મર્યાદા જાળવવા અંગે ભારે ચર્ચા જાગી છે.

### B-ગ્રેડ કેમિકલનું ડીઝલ તરીકે ગેરકાયદે વેચાણ કરતા

## શંકાસ્પદ કેમિકલના જથ્થા સાથે બે ઝડપાયા: SOGએ કુવાડવા રોડ પરથી રૂ. 3.17 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ

રાજકોટ શહેર SOG ટીમે કુવાડવા રોડ પર આવેલા રૂડા ટ્રાન્સપોર્ટ નગરના એક ગોડાઉનમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે વેચાતા શંકાસ્પદ કેમિકલના મોટા જથ્થા સાથે બે શખસની અટકાયત કરી છે. ઝડપાયેલા આરોપીઓમાં અગાઉ ગેરકાયદે બાયોડીઝલ કેસમાં પકડાયેલો જૂનાગઢનો મહેલમ ભારમલ અને રાજકોટનો રણજીત ધાંધલ સમાવિષ્ટ છે. પોલીસે સ્થળ પરથી 1900 લીટર કેમિકલ, ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ અને અન્ય સાધનો મળી કુલ રૂ. 3.17 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

SOG ટીમને મળેલી બાતમીના આધારે ગોડાઉનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે આરોપીઓ ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ માટે લવાતા



B-ગ્રેડ પેટ્રોલિયમ કેમિકલને પોતાના ગોડાઉનમાં ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ વડે માલવાહક વાહનોમાં ડીઝલના બદલે રૂ. 85 પ્રતિ લીટરના ભાવે વેચતા હતા. આ કેમિકલ જૂનાગઢના વિસાવદર ખાતે આવેલા મહેલમના પ્લાન્ટમાં જ બનાવવામાં આવતું હતું અને છેલ્લા ચાર મહિનાથી ગોડાઉન ભાડે રાખી આ કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું હતું.

ગોડાઉનમાંથી 1900 લીટર શંકાસ્પદ કેમિકલ ઉપરાંત ઈલેક્ટ્રિક મોટર, પ્લાસ્ટિકના કન્ટેનર અને લેપટોપ જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલો મુખ્ય આરોપી મહેલમ ભારમલ અગાઉ જૂનાગઢમાં પણ બાયોડીઝલના ગેરકાયદે જથ્થા સાથે પકડાઈ ચૂક્યો છે. હાલ પોલીસે કેમિકલના સેમ્પલ મેળવી પરીક્ષણ અર્થે FSL માં મોકલી આપ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## વડોદરા, સુરત, વલસાડ અને રત્નાગિરીથી દોડશે વિશેષ ટ્રેન, ગણપતિ સ્પે. ટ્રેનના વધારાના ફેરાની પશ્ચિમ રેલવેની જાહેરાત

વડોદરા

આગામી સપ્ટેમ્બર મહિનામાં ગણેશોત્સવના તહેવાર દરમિયાન ટ્રેનમાં મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા અને મુસાફરોની વ્યવસ્થા માટે પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ ગણપતિ સ્પેશિયલ ટ્રેનોના વધારાના ફેરા (ટ્રીપ) દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે માટેનું બુકિંગ 15 ઓગસ્ટથી શરૂ થશે. ટ્રેન નંબર 09013, 09019, 09030, 09022, 09114, 09110 અને 09124 ના વધારાના ફેરા માટેનું બુકિંગ 15 ઓગસ્ટ, 2026થી તમામ રેલવે PRS કાઉન્ટર્સ તેમજ IRCTCની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે. આ તમામ



ટ્રેનો વિશેષ ભાડા સાથે દોડાવવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ, સમયપત્રક અને કોચ સંરચનાની વિસ્તૃત માહિતી માટે મુસાફરો રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

## શહેર કોંગ્રેસે રાષ્ટ્રીય વડાનું અપમાન ગણાવીને કડક શબ્દોમાં વખોડી કાઢી: હલદવાણી રેલી બાદ મલ્લિકાર્જુન ખડગે પર કથિત 'શુદ્ધિકરણ' વિવાદ

ભાવનગર

હલદવાણી ખાતે યોજાયેલી કોંગ્રેસ પક્ષની વિશાળ રેલી અને પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતા બાદ બનેલી એક કથિત ઘટનાએ રાજકીય ગરમાવો લાવી દીધો છે, રેલીના બીજા જ દિવસે ગંગાજળ છાંટીને કહેવાતી 'શુદ્ધિકરણ' નીતિ અપનાવવાના કૃત્યને લઈને કોંગ્રેસ પક્ષે ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની વિચારધારા સામે આકરા પ્રહારો કર્યા છે. શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દલિત સમાજમાંથી આવે છે. દેશનું બંધારણ ઘડનાર બાબાસાહેબ આંબેડકર પણ આ જ સમાજમાંથી આવે છે, ત્યારે ભાજપ અને આરએસએસ સાથે જોડાયેલા લોકો દ્વારા આ પ્રકારે 'છૂત-અછૂત' અને ભેદભાવયુક્ત નીતિ અપનાવવી એ અત્યંત નિંદનીય અને હીન માનસિકતા દર્શાવે છે, પક્ષ દ્વારા ભૂતકાળના અન્ય બનાવોનો ઉલ્લેખ કરતા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે અગાઉ દેશના રાષ્ટ્રપતિ જ્યારે મંદિરોની મુલાકાતે જતા ત્યારે પણ આવા જ પ્રકારની શુદ્ધિકરણની માનસિકતા જોવા મળતી હતી, જે સાબિત કરે છે કે આ વિચારધારા કેટલી સંકુચિત છે. કોંગ્રેસ પક્ષ હંમેશા સમાનતા, ભાઈચારો અને ભારતીય બંધારણમાં માનનારો પક્ષ રહ્યો છે. મલ્લિકાર્જુન ખડગે માત્ર કોંગ્રેસના જ નહીં પરંતુ સમગ્ર દેશના આદરણીય નેતા છે, અને દલિત સમાજ તથા તેમના વડાનું આ પ્રકારે થતું અપમાન કોંગ્રેસ પક્ષ ક્યારેય સહન નહીં કરે. સમગ્ર મામલે પ્રશાસન અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આનાથી પણ વધુ ઉગ્ર કાર્યક્રમો આપવાની ચેતવણી આપવામાં આવી છે.





### તાપસી ટૂંક સમયમાં 'ગાંધારી' નામની ફિલ્મમાં જોવા મળશે

# મહાભારતના પાત્ર પરથી પ્રેરિત ફિલ્મમાં આંખે પાટા બાંધી ફાઈટ કરશે તાપસી

મુંબઈ

તાપસી પન્નુ એવી એક્ટ્રેસમાંથી એક છે જે ભલે વર્ષે એક ફિલ્મ કરે પણ તેની અસર ખૂબ મોટી હોય છે. એક આખો એવો વર્ગ છે જે તાપસની એક્ટિંગનો દિવાનો છે. એકથી એક શાનદાર ફિલ્મ કરીને તાપસીએ ઈન્ડસ્ટ્રીમાં એક અલગ છાપ છોડી છે. હવે તે એક નવી ફિલ્મમાં જોવા મળશે. તાપસી હાલમાં તેની ફિલ્મ 'ગાંધારી' માટે હેડલાઈન્સમાં છે. ફિલ્મને લઈને હવે એક નવી અપડેટ સામે આવી છે.

તાપસી ટૂંક સમયમાં 'ગાંધારી' નામની ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મ માટે એક્ટ્રેસે ખૂબ જ મહેનત કરી છે, જે એક એક્શન થ્રિલર ફિલ્મ છે. એક્શન સિક્વન્સ ફિલ્મ . તાપસીના અભિનયમાં એક્શન સિક્વન્સનો સમાવેશ થાય છે, જે એક્ટ્રેસે કરેલા નોંધપાત્ર પ્રયાસને સ્ક્રિન પર પર્ફેક્ટ કરે છે. ફિલ્મના સૌથી રસપ્રદ પાસાઓમાંનું એક એ છે કે તાપસી આંખો પર પાટા બાંધીને એક્શન સિક્વન્સ કરે છે.આ પ્રકારની ચેલેન્જ લઈને તાપસીએ એક્ટિંગના લેવલને વધુ મોટો સ્કેલ આપી દીધો છે. ફિલ્મ અંગે હવે નવી માહિતી સામે આવી છે. તાપસી પન્નુનું પાત્ર, હકીકતમાં, મહાભારતમાંથી ગાંધારીથી પ્રેરિત છે.'તાપસી પન્નુના પાત્રને 'મહાભારત' માંથી ગાંધારીથી પ્રેરિત આધુનિક અર્થઘટન તરીકે વર્ણવી શકાય છે. જેમ ગાંધારી એક સમર્પિત પત્ની અને માતા તરીકે મહાકાવ્યમાં મહત્વપૂર્ણ અને આકર્ષક સ્થાન ધરાવે છે, તેમ તાપસીનું પાત્ર પણ તે જ વ્યક્તિત્વમાંથી પ્રેરણા લે છે. આ ફિલ્મ તેની ભૂમિકા દ્વારા તે કેટલાક વિષયો પર સમકાલીન દ્રષ્ટિકોણ રજૂ કરે તેવી અપેક્ષા છે. તાપસીની ફિલ્મ ગાંધારીના અંગત જીવનમાંથી નોંધપાત્ર પ્રેરણા લે છે. ફિલ્મ વિશેની વિગતો હજુ પણ ઓછી છે, પરંતુ તેને પહેલાથી જ તેના સૌથી રસપ્રદ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાંનો એક માનવામાં આવી રહ્યો છે. ખાસ કરીને, તાપસી આંખે પાટા બાંધીને એક્શન સિક્વન્સ કરે છે. ફિલ્મ વિશે હાલમાં થોડા અપડેટ્સ છે. તે નેટફ્લિક્સ પર પ્રીમિયર થવાની તૈયારીમાં છે, જેમાં કનિકા ઢિલ્લોન નિર્માતા તરીકે અને દેવાશીષ માખીજા દિગ્દર્શક તરીકે છે. આ ફિલ્મ કેવા પ્રકારની અસર કરશે તે જોવાનું બાકી છે.

તાપસી પન્નુનું પાત્ર, હકીકતમાં, મહાભારતમાંથી ગાંધારીથી પ્રેરિત છે.'

**તાપસી ટૂંક સમયમાં 'ગાંધારી' નામની ફિલ્મમાં જોવા મળશે.**

# એક જ દિવસે શબાના આઝમીની 2 ફિલ્મો રિલીઝ!

### બન્ને ફિલ્મમાં શબાના આઝમી એક મહત્ત્વનો રોલ પ્લે કરે છે. ફિલ્મની સ્ટારકાસ્ટનો એક ભાગ રહ્યા છે.

મુંબઈ

સની દેઓલની એક્શન સિક્વન્સ ફિલ્મ 'બટવારા 1947' અને ઈમરાન હાશમીની ફિલ્મ 'આવારપન-2' 14 ઓગસ્ટના રોજ થિયેટર્સમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મને લઈને ફેન્સનું એક્ઝાઈમેન્ટ આસમાને છે. ખાસ કરીને બન્ને બિગ બજેટ ફિલ્મ પોતાના ચોક્કસ ફેન્સ પર અસર કરે છે ત્યારે બે ફિલ્મમાં કોની ચાલશે અને કોની પીટાશે એના પર ચર્ચા શરૂ થઈ છે. કારણ કે સની દેઓલ અને ઈમરાન હાશમી બન્નેનો ચાહકવર્ગ અલગ છે અને ખૂબ મોટો છે. આ ફિલ્મી ટક્કર વચ્ચે હવે સિનિયર એક્ટ્રેસ શબાના આઝમીએ પોતાની વાત શૅર કરી છે. ખાસ વાત એ છે કે, બન્ને ફિલ્મમાં શબાના આઝમી એક મહત્ત્વનો રોલ પ્લે કરે છે. તે બન્ને ફિલ્મની સ્ટારકાસ્ટનો એક ભાગ રહ્યા છે. એક જ કલાકારની બે જુદી જુદી ફિલ્મ એક જ દિવસે પોતાની બે-બે ફિલ્મ રિલીઝ થતા તેમણે એક સરસ વાત શૅર કરી છે. એક જ સમય પર એકથી વધારે ફિલ્મ રિલીઝ થવાનો જે મામલો છે એ અનોખો છે. 40 વર્ષ પહેલા વર્ષ 1983માં સપ્ટેમ્બર-ઑક્ટોબર મહિનો રહ્યો હશે. એક સમય હતો જ્યારે 'અવતાર','માસુમ','કામયાબ','નઝદિકીયા' ગણતરીના અઠવાડિયાના ગેપમાં રિલીઝ થઈ ગઈ હતી.આવું એટલા માટે હતું કારણ કે,એક્ટર એક જ સમયે આઠથી દસ ફિલ્મમાં સાથે કામ કરતા હતા. એક દિવસમાં ડબલ શિફ્ટ કરવી પડતી હતી.આ એ સમયની ઘણી સામાન્ય વાત છે. શબાના આઝમીના જણાવ્યા અનુસાર એ સમયે લોકો શશી કપૂરને 'ટેક્સી' કહીને બોલાવતા હતા. કારણ કે, તેઓ એક દિવસમાં 4થી 5 શિફ્ટમાં કામ કરતા હતા. મને એ જોઈને આશ્ચર્ય થતું કે, યુવા કલાકાર પાયાની કોઈ સુવિધા વગર અને ડાયલોગના એ વિશાળ ભંડારની કલ્પના પણ કરી શકે છે અને બોલી પણ શકે છે.



# 'હું નિર્દોષ છું', કરણ જોહર સામે રિયા ચક્રવર્તીનું દર્દ છલકાયું

### રિયા ચક્રવર્તીને CBI તરફથી ક્લીન ચિટ મળી છે. 2020માં સુશાંતના નિધન બાદ રિયા અને તેના ભાઈની ધરપકડ થઈ હતી

મુંબઈ

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મોત બાદ ભારે તપાસ અને ટ્રોલિંગનો સામનો કરનાર રિયા ચક્રવર્તીએ આખરે આ કેસમાંથી નિર્દોષ છૂટવા અંગે ખુલીને વાત કરી છે. વર્ષ 2020માં સુશાંતના નિધન બાદ રિયા પર ગંભીર આરોપો લાગ્યા હતા, જેમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા રિયા અને તેના ભાઈ શોવિક ચક્રવર્તીની ધરપકડ પણ કરવામાં આવી હતી. જોકે, બાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ આ કેસમાં ક્લોઝર રિપોર્ટ ફાઈલ કરીને રિયાને તમામ આરોપોમાંથી ક્લીન ચિટ આપીને નિર્દોષ જાહેર કરી હતી. રિયાલિટી શોમાં કરણ જોહરે પૂછ્યો સવાલ હાલમાં રિયા ચક્રવર્તી રિયાલિટી શો 'ધ ટ્રેટર્સ' (The Traitors) ની બીજી સીઝનમાં જોવા મળી રહી છે. આ શો દરમિયાન હોસ્ટ કરણ જોહરે રિયાને પૂછ્યું કે તે ગેમમાં 'ટ્રેટર' (વિશ્વાસઘાતી) બનવા માંગશે કે 'ઈનોસન્ટ' (નિર્દોષ)? આ સવાલનો જવાબ આપતા રિયાએ સ્પષ્ટ કહ્યું, 'હું નિર્દોષ જ રહેવા માંગું છું. મને આ જ વર્ષે ક્લીન ચિટ મળી છે અને લોકોને ખબર પડી છે કે હું નિર્દોષ છું. હું ઘણા સમય સુધી શંકાના ઘેરામાં રહી છું, તેથી હવે મને એ બિલકુલ પસંદ નથી. મેં વર્ષો સુધી એ બધું સહન કર્યું છે.' રિયા ચક્રવર્તીએ અગાઉના ઈન્ટરવ્યૂમાં પણ ખુલાસો કર્યો હતો કે, 'આ સમગ્ર ઘટના અને મીડિયા ટ્રાયલની મારા માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ અસર પડી હતી. આટલી સખત તપાસ અને સતત શંકાના વાતાવરણમાંથી પસાર થયા બાદ મને પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર (PTSD)નો સામનો કરવો પડ્યો હતો. પરંતુ CBIની ક્લોઝર રિપોર્ટ બાદ મને મોટી રાહત મળી છે.' સુશાંત સિંહ રાજપૂત કેસમાં અભિનેત્રી રિયા ચક્રવર્તીને CBI તરફથી ક્લીન ચિટ મળી છે. 2020માં સુશાંતના નિધન બાદ રિયા અને તેના ભાઈની ધરપકડ થઈ હતી. રિયાલિટી શોમાં કરણ જોહરના સવાલનો જવાબ આપતા રિયાએ કહ્યું કે, 'મને આ જ વર્ષે નિર્દોષ જાહેર કરાઈ છે. લાંબા સમય સુધી શંકાના ઘેરામાં રહ્યા બાદ હવે હું નિર્દોષ જ રહેવા માંગું છું.'





# સોશિયલ મીડિયા પર છવાયા રવિ કિશનના મીમ્સ, પત્નીએ રમૂજી અંદાજમાં આપી ચેતવણી

### "મારી પત્નીએ કહ્યું, 'કૃપા કરીને થોડા દિવસો માટે ચૂપ રહો, નહીં તો અમે તમને ઘરમાં બંધ કરી દઈશું: રવિ

મુંબઈ

અભિનેતા અને ભાજપ સાંસદ રવિ કિશન હાલમાં સોશિયલ મીડિયા પર તેમની ફિલ્મો કે રાજકીય નિવેદનો કરતાં તેમના રમુજી મીમ્સ માટે છવાયેલા છે. તાજેતરમાં, તેમના જૂના અને નવા વીડિયોઝમાંથી ઘણી ટૂંકી ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. પોડકાસ્ટ અને ઈન્ટરવ્યુમાં તેમના કેટલાક નિવેદનો મીમ્સ બની ગયા છે. "જલ્દી ધ લેટ"થી લઈને "મની ફોલોઝ માય બ્રધર" સુધી, વપરાશકર્તાઓ રવિ કિશનના ઘણા સંવાદો પર આધારિત વિવિધ રમુજી મીમ્સ અને વીડિયોઝ બનાવી રહ્યા છે. રવિ કિશન પોતે હવે આ મીમ્સ અને સોશિયલ મીડિયા ઘટના વિશે ખુલ્લેઆમ બોલ્યા છે. તેમણે જણાવ્યું કે, જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે તેમણે જે કહ્યું તે લગભગ બધું જ મીમમાં ફેરવાઈ રહ્યું છે, ત્યારે તેમણે થોડા સમય માટે મૌન રહેવાનું નક્કી કર્યું. પરંતુ આ સમગ્ર પરિસ્થિતિ પર સૌથી રમુજી પ્રતિક્રિયા તેમની પત્ની પ્રીતિ શુક્લા તરફથી આવી. ચાલો જાણીએ કે, રવિ કિશનની પત્નીએ તેમને શું ચેતવણી આપી છે. રવિ કિશનએ ખુલાસો કર્યો કે, જ્યારે તેમણે તેમના વિશે બનતા મીમ્સ જોયા, ત્યારે તેમણે મૌન રહેવાનું નક્કી કર્યું. તેમણે જનરલ ઝેડની પ્રશંસા પણ કરી અને કહ્યું કે, તેમના નિવેદનોને મીમ્સમાં ફેરવવા એ તેમના પ્રત્યે પ્રેમ અને સ્નેહ દર્શાવવાનો એક માર્ગ છે. રવિએ જણાવ્યું કે, જ્યારે તેમને ખબર પડી કે તેમણે જે કહ્યું તે લગભગ બધું જ મીમ બની રહ્યું છે, ત્યારે તેમણે થોડા દિવસો માટે ચૂપ રહેવાનું નક્કી કર્યું. તેમની પત્નીની રમુજી પ્રતિક્રિયાને યાદ કરતાં રવિએ કહ્યું કે, "મારી પત્નીએ કહ્યું, 'કૃપા કરીને થોડા દિવસો માટે ચૂપ રહો, નહીં તો અમે તમને ઘરમાં બંધ કરી દઈશું.' મારી પત્નીએ મને કહ્યું કે, 'તું જ્યારે પણ ઘરની બહાર નીકળે છે ત્યારે વાયરલ થઈ જાય છે.' તો તે બાળકોને કહી રહી હતી, 'ચાલો તેને આ રૂમમાં બંધ કરી દઈએ તે બહાર નહીં જાય, અને તે વાયરલ નહીં થાય.'"

# 'પરિવાર' નામની ગુડવિલ કેટલી પેઢીઓ સુધી ચાલશે, આરાધ્યા કેસમાં હાઈ કોર્ટનો બચ્ચન પરિવારને મોટો સવાલ?

મુંબઈ

અભિષેક બચ્ચનની દીકરી આરાધ્યા બચ્ચન સાથે જોડાયેલા કેસની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈ કોર્ટે એવો મહત્વનો કાનૂની સવાલ ઉઠાવ્યો છે કે કોઈ જાણીતા પરિવારના નામ સાથે જોડાયેલી પ્રતિષ્ઠા અને ગુડવિલ આખરે કેટલી પેઢીઓ સુધી ચાલશે? જસ્ટિસ અનુપ જયરામ ભંભાણીની અદાલતમાં થયેલી સુનાવણીમાં 'બચ્ચન' પરિવારના નામની પ્રતિષ્ઠા, વ્યક્તિત્વ અધિકાર, ટ્રેડમાર્ક અને બૌદ્ધિક સંપદા અધિકારો વચ્ચેના સંબંધ અંગે ચર્ચા થઈ. કોર્ટે આ સાથે એ પણ સવાલ નિર્માણ કર્યો કે ઈન્ટરનેટ પર ફેલાવવામાં આવતી ફેક ન્યૂઝ કોઈ વ્યક્તિના આઈપી અધિકારોનું ઉલ્લંઘન ગણી શકાય કે નહીં. બચ્ચન પરિવાર તરફથી હાજર વરિષ્ઠ વકીલ પ્રવીણ આનંદે દલીલ કરી હતી કે આ કેસ માત્ર આરાધ્યા બચ્ચનની પ્રતિષ્ઠા સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર બચ્ચન પરિવારના નામ અને ગુડવિલ સાથે જોડાયેલો છે. તેના પર કોર્ટે ટ્રેડમાર્કની ગુડવિલ અને કોઈ વ્યક્તિના નામથી ઊભી થતી પ્રતિષ્ઠા વચ્ચેનો તફાવત સમજવાનો પ્રયાસ કર્યો. કોર્ટે સવાલ કર્યો કે ટ્રેડમાર્કની ગુડવિલ સામાન્ય રીતે કોઈ ઉત્પાદન અથવા સેવા સાથે જોડાયેલી હોય છે, જ્યારે વ્યક્તિની અટકની પ્રતિષ્ઠા તેની સિદ્ધિઓ અને ઓળખથી બને છે. આવી સ્થિતિમાં જો પરિવારની અટકની પ્રતિષ્ઠાને ગુડવિલ તરીકે માનવામાં આવે તો શું તે એક પેઢીથી બીજી પેઢી સુધી ટ્રાન્સફર થઈ શકે અને તેની કોઈ મર્યાદા નક્કી કરી શકાય? આ સુનાવણીમાં હાઈ કોર્ટે ત્રણ મુખ્ય કાનૂની પ્રશ્નો પણ સામે રાખ્યા છે. તેમાં પ્રથમ સવાલ પરિવારના નામની ગુડવિલ કેટલી પેઢીઓ સુધી ટકી શકે તે અંગે છે. બીજો સવાલ એ છે કે ઈન્ટરનેટ પર કોઈ વ્યક્તિ વિશે ફેલાવવામાં આવેલી અત્યંત વાંધાજનક અથવા નુકસાનકારક ફેક ન્યૂઝ બૌદ્ધિક સંપદા અધિકારોનું ઉલ્લંઘન બની શકે કે નહીં અને જો બની શકે તો કયા પ્રકારના આઈપી અધિકાર હેઠળ તેનો સમાવેશ થાય.



## સ્પોર્ટ્સ

પાક્કો ગુજરાત
શનિવાર I 15 ઓગસ્ટ 2026 I અમદાવાદ

### ભારત-શ્રીલંકા વચ્ચે આજથી ગૉલ ખાતે પ્રથમ ટેસ્ટ શરૂ થશે

# ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણી: કેપ્ટન શુભમન ગિલની 'અગ્નિપરીક્ષા'

મુંબઇ

ભારત અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ શ્રેણીનો પ્રારંભ 15 ઓગસ્ટથી થવા જઈ રહ્યો છે. શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ગૉલ ખાતે રમાશે, જે ભારતીય ટીમના નવા કેપ્ટન શુભમન ગિલ માટે કોઈ 'અગ્નિપરીક્ષા'થી ઓછી નહીં હોય. છેલ્લા 11 વર્ષોમાં વિરાટ કોહલી અને રોહિત શર્માએ શ્રીલંકાની ધરતી પર પોતાની કપ્તાની હેઠળ ભારતીય ટીમનો અભૂતપૂર્વ દબદબો સ્થાપિત કર્યો છે. હવે આ ઐતિહાસિક વારસાને આગળ ધપાવવાની સંપૂર્ણ જવાબદારી શુભમન ગિલના ખભા પર આવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, શ્રીલંકા સામે ટેસ્ટ ક્રિકેટમાં ભારતની છેલ્લી હાર વર્ષ 2015માં થઈ હતી, ત્યારથી



લઈને આજ સુધી શ્રીલંકાની ટીમ ભારત સામે એક પણ ટેસ્ટ જીતવા માટે તરસી રહી છે. વિરાટ અને રોહિતનો અજેય રેકોર્ડ વર્ષ 2014માં એમ.એસ. ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ વિરાટ કોહલીએ ટીમની કમાન સંભાળી હતી. કેપ્ટન તરીકે પોતાની પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકા સામે હારનો સામનો કરવો પડ્યો હોવા છતાં, ત્યાર બાદ વિરાટની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે સળંગ 8 ટેસ્ટ મેચો સુધી અજેય રહી હતી. વિરાટ બાદ જ્યારે રોહિત શર્મા સુકાની બન્યો, ત્યારે તેની આગેવાનીમાં વર્ષ 2022માં ભારતે શ્રીલંકાને 2-0થી વ્હાઈટવોશ કર્યો હતો. આ બંને દિગ્ગજોના નેતૃત્વમાં ભારતે શ્રીલંકા સામે રમેલી 11 ટેસ્ટ મેચોમાંથી 8 માં ભવ્ય વિજય મેળવ્યો છે, માત્ર 1 મેચમાં પરાજય થયો છે અને 2 મુકાબલા ડ્રો રહ્યા છે. કેપ્ટન તરીકે શુભમન ગિલ સામે મોટા પડકારો આ મુકાબલામાં શુભમન ગિલ સામે અનેક મુશ્કેલીઓ અને સવાલો ખડકાયેલા છે: શ્રીલંકામાં ટેસ્ટ ડેબ્યૂ: ગિલ પોતે એક ખેલાડી તરીકે શ્રીલંકાની ધરતી પર પ્રથમ વખત શ્રીલંકા સામે ટેસ્ટ ક્રિકેટ રમશે.

## પિતાના અવસાનના 4 જ દિવસમાં મેદાન પર ઉતર્યો લિયોનલ મેસી

નવી દિલ્હી

વિશ્વના મહાન ફૂટબોલર લિયોનેલ મેસીના માથા પરથી પિતાનો સાયો છીનવાઈ ગયાના માત્ર 4 દિવસની અંદર જ તેણે ફરી એકવાર ફૂટબોલના મેદાન પર વાપસી કરી છે. પિતાના અવસાનથી ભાંગી પડેલા મેસીના ચહેરા પર ઉદાસી અને આંખોમાં પિતાને ગુમાવવાનું દર્દ સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. મેસીને આ સ્થિતિમાં જોઈને વિશ્વભરના કરોડો ચાહકો ભાવુક થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, તેના પિતા જોર્જ મેસીનું 68 વર્ષની વયે લાંબી બીમારી બાદ અર્જેન્ટિનાના રોસારિયો શહેરમાં નિધન થયું હતું. તેઓ માત્ર મેસીના પિતા જ નહીં, પરંતુ તેના કરિયરના લાંબા સમય સુધી એજન્ટ અને બિઝનેસ મેનેજર પણ રહ્યા હતા. શોક અને ભવિષ્યની અનિશ્ચિતતાઓ વચ્ચે મેદાનમાં વાપસી. પિતા જોર્જ મેસીના અવસાનના સમાચાર મળ્યા બાદ મેસી ફૂટબોલથી દૂર થઈ ગયા હતા અને ઈન્ટર મિયામી ક્લબે પણ પોતાના કેપ્ટનને આ માનસિક આઘાતમાંથી બહાર આવવા માટે બ્રેક આપ્યો હતો. એવી અટકળો ચાલતી હતી કે તે લાંબો સમય રમતથી દૂર રહેશે, પરંતુ અર્જેન્ટિનિયન સુપરસ્ટારે બુધવારે મિયામી ખાતે ચોંકાવનારી વાપસી કરી હતી. લિઓન સામે ઈન્ટર મિયામીની લીગ્સ કપ મેચમાં મેસી બીજા હાફમાં સબ્સ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો.

### BCCI માં મોટા ફેરફારોના સંકેતો

## ભારતીય ક્રિકેટમાં હવે VVS લક્ષ્મણ બનશે 'સુપર બોસ'

મુંબઇ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં વહીવટી અને ક્રિકેટિંગ સ્તરે મોટા ફેરફારોની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અહેવાલો મુજબ, પૂર્વ દિગ્ગજ બેટ્સમેન અને હાલમાં BCCI સેન્ટર ઓફ એક્સિલન્સ (CoE) ના વડા વીવીએસ લક્ષ્મણને બોર્ડમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને નવી ભૂમિકા 'ડાયરેક્ટર ઓફ ક્રિકેટ' તરીકે સોંપવામાં આવી શકે છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળે છે, તો લક્ષ્મણનું કાર્યક્ષેત્ર માત્ર CoE પૂરતું મર્યાદિત નહીં રહેતા, સમગ્ર ભારતીય ક્રિકેટની વિવિધ પાંખો વચ્ચે સેતુ સમાન બનશે.





લક્ષ્મણની નવી ભૂમિકા કેમ મહત્વની છે? વીવીએસ લક્ષ્મણ લાંબા સમયથી ભારતીય ક્રિકેટના પાયાના કામ સાથે જોડાયેલા છે. તેઓ ખાસ કરીને યુવા ખેલાડીઓના વિકાસ અને હાઈ-પરફોર્મન્સ પ્રોગ્રામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પણ અગાઉ લક્ષ્મણના યોગદાનની પ્રશંસા કરતા CoE ને 'ભારતીય ક્રિકેટની પાઈપલાઈન' ગણાવી હતી. લક્ષ્મણનો બહોળો અનુભવ તેમને આ વ્યાપક ભૂમિકા માટે સૌથી મજબૂત ઉમેદવાર બનાવે છે.

જો આ પદની રચના કરવામાં આવે છે, તો લક્ષ્મણની જવાબદારીઓ ખૂબ જ વિસ્તૃત હોઈ શકે છે. સંકલન: ટીમ ઈન્ડિયા, પસંદગી સમિતિ, કોચિંગ સ્ટાફ અને ખેલાડી વિકાસ પ્રોગ્રામ વચ્ચે સુમેળ સાધવો. નવા ટેલેન્ટની શોધ: પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ અને તેમના સતત વિકાસ માટેની વ્યૂહરચના તૈયાર કરવી.

## પહેલીવાર વુમન્સ-મેન્સ હોકી વર્લ્ડકપ એકસાથે યોજાશે

### 32 ટીમમાં 50 મેચ; ભારત-પાકિસ્તાન મેચ 19 ઓગસ્ટે; જાણો બધું જ

મુંબઇ

15 ઑગસ્ટથી હૉકી વર્લ્ડ કપની શરૂઆત થઈ રહી છે. પહેલીવાર વુમન્સ અને મેન્સની ટુર્નામેન્ટ એકસાથે યોજાઈ રહી છે. બેલ્જિયમ અને નેધરલેન્ડ્સ મળીને તેનું આયોજન કરી રહ્યા છે. ભારતીય મેન્સ ટીમ વેલ્સ સામે ટુર્નામેન્ટની પ્રથમ મેચ રમશે. આ મેચ બપોરે 4:30 વાગ્યે શરૂ થશે.

તે પહેલાં વુમન્સની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયા અને જાપાન વચ્ચે બપોરે 1:30 વાગ્યે થશે. 16 દિવસ ચાલશે ટુર્નામેન્ટ, 2 સ્થળોએ મુકાબલા. શનિવારથી શરૂ થનારી ટુર્નામેન્ટ 16 દિવસ સુધી ચાલશે. બંને ટુર્નામેન્ટમાં કુલ 50 મેચ રમાશે. તેનું





આયોજન 2 તબક્કામાં થશે. પ્રથમ ગ્રુપ સ્ટેજ, ક્રોસઓવર પૂલ. પછી સેમિફાઈનલ અને ફાઈનલ મેચ થશે. તમામ મેચ 2 સ્થળોએ યોજાશે. મેન્સ અને વુમન્સ વર્લ્ડ કપમાં 16-16 ટીમ (કુલ 32 ટીમ) ભાગ લેશે. ગ્રુપ સ્ટેજમાં 16 ટીમ 4 ગ્રુપ (A, B, C, D)માં વહેંચાશે અને દરેક ટીમ 3 મેચ રમશે. દરેક ગ્રુપમાંથી ટોપ-2 ટીમ ક્રોસઓવર રાઉન્ડમાં જશે. આ 8 ટીમને 2 ગ્રુપમાં વહેંચવામાં આવશે. આ રાઉન્ડમાં દરેક ટીમ વધુ ત્રણ મેચ રમશે. આ મેચ એવી ટીમ સામે હશે જેમની સાથે તેની મેચ થઈ નથી. અહીંથી ટોપ-2 ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. 29-30 ઓગસ્ટે ફાઈનલ થશે. ફાઈનલ મેચ 29 અને 30 ઓગસ્ટે રમાશે. વુમન્સ વર્લ્ડ કપની ફાઈનલ 29 ઓગસ્ટે રમાશે. જ્યારે, મેન્સ વર્લ્ડ કપનો ટાઈટલ મુકાબલો 30 ઓગસ્ટે રાત્રે 8:00 વાગ્યાથી શરૂ થશે. બંને ફાઈનલના દિવસે બ્રોન્ઝ મેડલ મેચ પણ રમાશે. આ વખતના વર્લ્ડ કપમાં ક્વાર્ટર ફાઈનલ નહીં હોય. પ્રથમ વખત મેન્સ અને વુમન્સ હોકી વર્લ્ડ કપ એકસાથે યોજાઈ રહ્યા છે. બેલ્જિયમ પ્રથમ વખત વર્લ્ડ કપનું આયોજન કરી રહ્યું છે. તેની મેન્સ ટીમ નંબર-1 છે.

## બિઝનેસ

### વાયદા બજારમાં સતત બીજા દિવસે કડાકો

# ચાંદી ₹3897 તો સોનું ₹1543 ગગડ્યું

મુંબઇ

MCX વાયદા બજારમાં કિંમતી ધાતુઓમાં કડાકાનો દોર સતત બીજા દિવસે પણ જોવા મળ્યો છે. આજે સવારે કારોબાર ખુલતાંની સાથે જ સોના અને ચાંદી બંનેના ભાવમાં નરમાઈ નોંધાઈ હતી. રોકાણકારો દ્વારા મોટા પાયે કરવામાં આવેલા પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક બજારના સંકેતો વચ્ચે સોના-ચાંદીના ભાવ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા છે. ચાંદીની સ્થિતિ MCX પર ચાંદીના 04-Sep-26ના વાયદા કોન્ટ્રાક્ટમાં સરેરાશ 3897નો કડાકો બોલાઈ ગયો છે. ચાંદીનો જૂનો બંધ ભાવ 2,35,447.00 હતો. તેની સામે આજે બજાર 2,33,780.00ના





ભાવ પર ઓપન થયું હતું. દિવસ દરમિયાન ચાંદીએ 2,33,982.00નો હાઈ(High) અને 2,31,550.00નો લો(Low) સ્પર્શ્યો હતો. હાલમાં ચાંદી 2,31,799.00ના સ્તર પર ટ્રેડ થઈ રહી છે. બીજી તરફ, સોનાના 05-Oct-26ના વાયદા કોન્ટ્રાક્ટમાં પણ 1543 સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો જૂનો બંધ ભાવ(Prev. Close) 1,53,466.00 હતો. જેની સામે આજે સોનું 1,53,200.00ના ભાવ પર ઓપન(Open) થયું હતું. સેશન દરમિયાન સોનાએ 1,53,200.00નો હાઈ(High) અને 1,51,923.00નો લો(Low) બનાવ્યો હતો. હાલમાં સોનું 1,52,036.00ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. સોના-ચાંદીમાં કડાકા/નરમાઈના મુખ્ય કારણો. અમેરિકામાં સતત ચાલુ રહેલા ફુગાવા(Sticky Inflation)ના કારણે યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરોમાં કડક વલણ (Monetary Tightening) અપનાવવાની શક્યતાઓ વધી છે.

### માર્કેટમાંથી કેટલાક ટ્રેડર્સે પીછેહઠ કરી

## નવી ઓક્શન પ્રણાલી હેઠળ ઓપ્શન્સ ટ્રેડિંગમાં 27%નો ઘટાડો

મુંબઇ

ભારતમાં ઈન્ડેક્સ-ઓપ્શન્સ ટ્રેડિંગના વોલ્યુમમાં નવી ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમના પ્રથમ સપ્તાહમાં જ મોટો ઘટાડો નોંધાયો છે, કારણ કે ટ્રેડર્સ દેશના છેલ્લા કેટલાક વર્ષોના સૌથી મોટા માર્કેટ-સ્ટ્રક્ચર સુધારાઓમાંથી એક સાથે અનુકૂળ થવાનો પ્રયાસ કરી રહ્યા છે. ડેટા અનુસાર, ૪ ઓગસ્ટ અને ૧૧ ઓગસ્ટની એક્સપાયરી માટે સરેરાશ ટ્રેડેડ વોલ્યુમ ૨૭% ઘટીને ૨૬૮ મિલિયન કોન્ટ્રેક્ટ્સ પર આવી ગયું છે, જે જુલાઈ મહિનામાં સાપ્તાહિક એક્સપાયરી દરમિયાન સરેરાશ લગભગ ૩૬૯ મિલિયન કોન્ટ્રેક્ટ્સ હતું. આ ઘટાડો દર્શાવે છે કે નવી ભાવ-નક્કી કરવાની સિસ્ટમ ટ્રેડર્સને કેવી





રીતે અસર કરી રહી છે, ખાસ કરીને ડેરિવેટિવ્ઝ એક્સપાયરીના દિવસે, જે બજારના સૌથી વ્યસ્ત દિવસોમાંથી એક ગણાય છે. ઓક્શનના પ્રથમ થોડા દિવસો દરમિયાન ભાવમાં તીવ્ર ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો, જેના કારણે અપેક્ષિત ભાવે ખરીદી અને વેચાણ કરવું મુશ્કેલ બનતા કેટલાક ટ્રેડર્સે પીછેહઠ કરી છે અથવા તેમની ટ્રેડિંગ શૈલી બદલી છે. જોકે ત્યારથી આ ઉતાર-ચઢાવ થોડા હળવા થયા છે, પરંતુ ટ્રેડર્સ હજુ પણ આ ફેરફાર સાથે કેવી રીતે સેટ થવું તે સમજી રહ્યા છે. ઘણી પ્રોપ્રાયટરી ટ્રેડિંગ ફર્મ્સ અને હાઇ-ફ્રીક્વન્સી ટ્રેડર્સ (જેઓ એક્સપાયરીના દિવસે બજારને લિક્વિડિટી/તરલતા પૂરી પાડે છે) કાં તો નવી ઓક્શન પ્રક્રિયાથી દૂર રહ્યા હતા અથવા શરૂઆતના દિવસોમાં તેમની પ્રવૃત્તિ ઘટાડી દીધી હતી. લિક્વિડિટી ઓછી હોવાના કારણે ઈક્વિલિબ્રિયમ પ્રાઈસ (સંતુલન કિંમત)માં ઘણો મોટો ફેરફાર થયો હતો, જે ૩ ઓગસ્ટે આ સિસ્ટમ અમલમાં આવી તે પહેલાં ટ્રેડર્સ સામાન્ય રીતે જોતા હતા.

### ગોળના ભાવમાં પ્રતિ કિલો 5 થી 10 રૂપિયાનો વધારો થવાની શક્યતા

# ખાંડના વધતા ભાવોની અસર હવે ગોળ પર પણ જોવા મળી

**મહારાષ્ટ્ર સહિત દેશભરમાં છેલ્લા પાંચ વર્ષમાં ગોળના ભાવમાં સૌથી મોટો ઉછાળો આવ્યો છે. ખાંડના વધતા ભાવની અસર હવે ગોળ પર પણ જોવા મળી રહી છે. ગોળના ભાવ પ્રતિ કિલો 60 રૂપિયાને પાર કરી ગયા છે.**

મુંબઇ

ખાંડના વધતા ભાવોની અસર હવે ગોળ પર પણ થવા લાગી છે. ગોળના ભાવ પ્રતિ કિલો ૬૦ને વટાવી ગયા છે. રિફાઈન્ડ ખાંડના ભાવમાં વધારો અને તહેવારોની માંગમાં વધારો થવાને કારણે ગોળના ભાવ વધુ મજબૂત થવાની ધારણા છે. આ વર્ષે, ગોળના ભાવમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો છે. મહારાષ્ટ્રમાં છૂટક ગોળના ભાવ પ્રતિ કિલો ૬૦ને વટાવી ગયા છે. દેશભરના જથ્થાબંધ બજારોમાં સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩,૫૦૦ થી ૫,૪૦૦ (બજારની ગુણવત્તા અને પ્રદેશના આધારે) સુધીનો રહ્યો છે.

નવી મુંબઈ એપીએમસીમાં જથ્થાબંધ ગોળના ભાવ રૂ. ૬,૦૦૦ ને વટાવી ગયા છે. મંડી સમિતિના ડેટા અનુસાર, મહારાષ્ટ્રમાં ગોળનો સરેરાશ ભાવ રૂ. ૫,૩૧૨, રાજસ્થાનમાં



રૂ. ૫,૪૦૦ અને ઉત્તર પ્રદેશમાં રૂ. ૪,૦૪૬ પ્રતિ ક્વિન્ટલ છે. છૂટક ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૪૦ થી ૧૨૦ સુધી છે.

તહેવારોની માંગમાં વધારો થવાને કારણે ભાવમાં વધારો થઈ રહ્યો છે. ગણેશોત્સવ સુધીમાં ગોળના ભાવ પ્રતિ કિલોગ્રામ રૂ. ૫ થી ૧૦ સુધી વધી શકે છે. ગોળના વેપારીઓના જણાવ્યા મુજબ રંગ અને રસાયણોથી મુક્ત શુદ્ધ પીળો ગોળ અને ઓર્ગેનિક ગોળ હાલમાં બજારમાં સૌથી વધુ માંગમાં છે.

સ્થાનિક બજારમાં આવકના આધારે દર અઠવાડિયે ગોળના ભાવમાં ૫થી ૧૦ ટકાનો વધઘટ થાય છે. જોકે, છેલ્લા મહિનાથી ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને રક્ષાબંધન અને ગણેશોત્સવ દરમિયાન ગોળનો વપરાશ વધે છે. આ વર્ષે, ગોળના પાવડરની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં સતત વરસાદના કારણે પરિવહન અને સંગ્રહ બંને પર અસર પડી રહી છે. હવામાં ભેજ વધવાના કારણે ગોળનો સુરક્ષિત સંગ્રહ મુશ્કેલ બની રહ્યો છે. જો વરસાદ ચાલુ રહેશે તો ગોળનું ઉત્પાદન અને પુરવઠો પ્રભાવિત થઈ શકે છે, જેના કારણે ભાવમાં વધુ વધારો થઈ શકે છે. માંગમાં સતત વધારો થવાને કારણે ગોળના પાવડરના ભાવમાં તીવ્ર વધારો થયો છે. ગયા વર્ષે, તેનો ભાવ રૂ. ૩૮ પ્રતિ કિલો હતો.

## જૂન ત્રિમાસિકમાં ભારતીય કંપનીઓની આવકમાં વીસ ટકાથી વધુની નોંધપાત્ર વૃદ્ધિ

- **ઓટો, FMCG અને જ્વેલરી જેવા ગ્રાહકલક્ષી ક્ષેત્રોનો દેખાવ ઉત્તમ રહ્યો છે.**

મુંબઇ

પશ્ચિમ એશિયા યુદ્ધ અને ક્રુડ તેલના ઊંચા ભાવ વચ્ચે પણ ભારતીય કંપનીઓએ જૂન ત્રિમાસિકમાં આવકમાં વીસ ટકાથી વધુ વૃદ્ધિ હાંસલ કરીને સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. ઈક્રાના એક રિપોર્ટ પ્રમાણે ૮૩૮ લિસ્ટેડ કંપનીઓના જૂન ત્રિમાસિક પરિણામોમાં તેમની આવકમાં વાર્ષિક ધોરણે ૨૨ ટકા વધારો થયો છે. માર્ચ ત્રિમાસિકમાં આ વૃદ્ધિ ૧૩ ટકા રહી હતી. જો કે કાર્યકારી નફાનું માર્જિન બે ટકા ઘટયું છે અને નેટ પ્રોફિટ સ્થિર રહેવા પામ્યો છે. ક્રુડ તેલના ઊંચા ભાવ તથા એલપીજી તથા પેટ્રો પ્રોડકટસના વેચાણ પર અન્ડર રિકવરીને પરિણામે ઓઈલ રિફાઈનિંગ કંપનીઓની નફાશક્તિ દબાણ હેઠળ આવી જતા કંપનીઓનો સંયુકત નફો સ્થિર જોવા મળ્યો છે. તેલ તથા ગેસ કંપનીઓને બાદ કરતા કંપનીઓનું નફાનું કાર્યકારી માર્જિન ૧૯ ટકા પર સ્થિર રહ્યું હતું અને નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધ્યો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામોને જોતા કંપનીઓએ નવા નાણાં વર્ષનો પ્રારંભ અપેક્ષા કરતા ઘણો મજબૂત કર્યો હોવાનું એજન્સીના રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. કોમોડિટી તથા સોનાચાંદીના ઊંચા ભાવ, જીએસટીમાં કપાતને કારણે વાહનોની માગમાં સતત વધારો અને ઉપભોગ વોલ્યુમમાં પણ સ્થિતિસ્થાપકતાને કારણે કંપનીઓની કામગીરી સારી જોવા મળી છે.

# મનપસંદ જીમખાનામાં SMCની રેડ બાદ મોટી કાર્યવાહી કરાઈ!!

## દરિયાપુર પોલીસ સ્ટેશનના PI સહિત ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ



અમદાવાદ

અમદાવાદના દરિયાપુર મનપસંદ જીમખાનામાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા બાદ પોલીસ વડાએ ત્રણ પોલીસકર્મીને સસ્પેન્ડ કર્યા છે. જેમાં દરિયાપુર પોલીસ સ્ટેશનના PI જી.વી ગોહિલ, સર્વેલન્સ સ્ક્વોડના PSI ચૌધરી, ડબગરવાડ ચોકીના PSI એ.એમ પરમારનો સમાવેશ થાય છે. દરિયાપુર પોલીસ સ્ટેશનનો ચાર્જ શાહીબાગ પોલીસ સ્ટેશનના પીઆઈને સોંપવામાં આવ્યો છે.

2 ઓગસ્ટે મનપસંદ જીમખાના ક્લબમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ થયો હતો. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરીંગ સેલે પાડેલા દરોડામાં 187 જુગારીઓ મોટા મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

4 ઓગસ્ટે તમામ આરોપીઓને પોલીસની 4 અને AMTSની 1 બસ ભરીને મેટ્રો કોર્ટમાં રજૂ કરાયા હતા. સરકારી વકીલ તૃપ્તિ વ્યાસની દલીલ બાદ કોર્ટે 9 આરોપીઓના 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા ત્યારબાદ તેઓ જેલહવાલે છે, જ્યારે 178 આરોપીઓના જામીન મંજૂર કરાયા હતા. દરિયાપુર સ્થિત મનપસંદ જીમખાના ક્લબમાં અવારનવાર ગોવિંદ ઉર્ફે ગામા પટેલ દ્વારા જુગારધામ ચલાવવામાં આવતું હોવાની જાણકારી હોવા છતાં સ્થાનિક દરિયાપુર પોલીસ અને શહેર પોલીસની એજન્સીઓ આંખ આડા કાન કરી રહી હતી. ભૂતકાળમાં પણ આ સ્થળેથી જુગાર ઝડપાઈ ચૂક્યો હોવા છતાં સ્થાનિક સ્તરે કોઈ કડક ચેકિંગ કે કાર્યવાહી થતી નહોતી.

### 2021માં પણ ગામાને 180થી વધુ જુગારીઓ સાથે ઝડપ્યો હતો ~

2021માં પણ મનપસંદ જિમખાનામાં SMCની રેડ દરમિયાન 183 જુગારીઓ ઝડપાયા હતા અને રૂ. 85 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો, જેમાં બેદરકારી બદલ તત્કાલીન દરિયાપુર PI, PSI સહિત 12 પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### D કંપની સ્ટાઇલથી મનપસંદ જીમખાના ક્લબમાં જુગાર રમાતો ~

મનપસંદ જીમખાના ક્લબમાં 'D કંપની' સ્ટાઈલથી ગોવાના કેસિનો જેવો માહોલ ઊભો કરીને હાઈપ્રોફાઈલ જુગારધામ ચલાવવામાં આવતું હતું. જેમાં ક્લબની મેમ્બરશીપથી લઈને હાર-જીતના નાણાંની લેવડદેવડ માટે આંગડિયા પેઢીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને સમગ્ર ખેલ ગુપ્ત રાખવા માટે ખાસ કોડવર્ડનો ઉપયોગ થતો હતો.

### 8 ઓગસ્ટે મનપસંદ જીમખાનાને સિલ કરાયું ~

મનપસંદ જીમખાના સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પણ કાર્યવાહી કરી હતી. અગાઉ બિનઅધિકૃત બાંધકામ સામે કાર્યવાહી કર્યા બાદ હવે ગ્રાઉન્ડ ફ્લોર સિવાય બાકીના અન્ય બાંધકામમાં રહેણાંકના બદલે કોમર્શિયલ તરીકે વપરાશમાં લેવામાં આવતું હોવાનું સામે આવતા મનપસંદ જીમખાનાને સિલ કરાયું હતું.

# મહિલાઓની સુરક્ષા માટે ખાસ મિશન સાયબર રક્ષિકા સ્ક્વોડ તૈયાર

## સોશિયલ મીડિયા પર મહિલાઓને ફોટા-વીડિયો મોકલે તો સાયબર ક્રાઈમનો સંપર્ક કરો, 8 આરોપીની ધરપકડ

અમદાવાદ

ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ક્રાઈમના ગુનાઓ અને ખાસ કરીને મહિલાઓને નિશાન બનાવી ઓનલાઈન હેરાનગતિ (સાયબર સ્ટોકિંગ, સાયબર બુલિંગ, ફેક આઈડી)ને રોકવા માટે અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની સૂચનાથી સાયબર ક્રાઈમ બ્રાન્ચ હેઠળ 'Mission Cyber Rakshika' (મિશન સાયબર રક્ષિકા) સ્ક્વોડની રચના કરવામાં આવી છે. છેલ્લા બે મહિનામાં 11 ફરિયાદોના આધારે કાર્યવાહી કરીને આ સ્ક્વોડે મહિલાઓ સહિત 8 આરોપીઓની ધરપકડ કરી છે. મિશન સાયબર રક્ષિકા સ્ક્વોડમાં 1 PI (પોલીસ ઈન્સ્પેક્ટર), 1 PSI (પોલીસ સબ-ઈન્સ્પેક્ટર) અને 8 પોલીસ કર્મચારીઓ કાર્યરત છે. જૂન મહિનાથી અત્યાર સુધીમાં મહિલાઓના ન્યૂડ વીડિયો, અશ્લીલ ફોટા અને ધમકીઓ આપી સતામણી કરવા અંગે મળેલી 11 ફરિયાદો પર કાર્યવાહી કરી 8 આરોપીઓને જેલભેગા કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓ મહિલાઓના નામે ફેક આઈડી બનાવી, તેમની સાથે વાતો કરી, પર્સનલ ફોટો-વીડિયો મેળવીને તેને વાયરલ કરવાની ધમકી આપી પૈસા પડાવતા હતા કે લગ્ન તોડાવવા માટે ત્રાસ આપતા હતા. આરોપી સુરેશ પુરી છેલ્લા 6 મહિનામાં 10 ફેક આઈડી બનાવી આશરે 300 મહિલાઓને ટાર્ગેટ કરી અશ્લીલ મેસેજ, ન્યૂડ ફોટો અને વીડિયો મોકલતો હતો. આરોપી કેયુર લક્કડ મહિલાઓના નામે 8 ફેક આઈડી



બનાવી જાહેર પ્રોફાઈલ ધરાવતી મહિલાઓની ફ્રેન્ડ્સ લિસ્ટમાં કનેક્ટ થઈ હેરાનગતિ કરતો હતો, જ્યારે અગાઉ રાજસ્થાનથી 'LoveGuru' બની મહિલાઓને છેતરતા 2 આરોપીઓ અને દિલ્હીથી યોગગુરુની ઓળખ આપી AI ના ઉપયોગ વડે મહિલાઓના ન્યૂડ ફોટો બનાવી માનસિક ત્રાસ આપતા 1 આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

દરવાજો કૂદી ગેટનું તાળું તોડી અંદર ઘૂસ્યા

# શીલજની આનંદ નિકેતન સ્કૂલમાં ફરી બજરંગ દળનો હલ્લાબોલ..!!




અમદાવાદ

શીલજમાં આનંદ નિકેતન સ્કૂલમાં બે મુદ્દા પર થયેલો વિવાદ હજુ સુધી પૂર્ણ થયો નથી. બજરંગ દળ દ્વારા બીજી વખત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. શાળામાં સવારે વિદ્યાર્થીઓની પ્રાર્થના અને રાષ્ટ્રગાન બંધ કરી દેવામાં આવ્યું હોવાથી વિવાદ સર્જાયો હતો. તેમજ વિદ્યાર્થીઓને ચોક્કસ પુસ્તકનું ફરજિયાત વાંચન કરવા દબાણ કરવામાં આવતું હોવાના આક્ષેપ સાથે બજરંગ દળ દ્વારા વિરોધ કરવામાં આવ્યું છે. સવારે પ્રાર્થના શરૂ કરવાની અને વિદ્યાર્થીઓને જે પુસ્તક આપવામાં આવ્યું છે, તે પરત લઈ લેવાની માંગ સાથે બજરંગ દળના કાર્યકર્તાઓએ હલ્લાબોલ કર્યો હતો. થોડા દિવસ પહેલા જ સ્કૂલમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા નાસ્તામાંથી કાચનો ટુકડો મળી આવ્યો હતો. જે શાળામાં શિક્ષકોને આપ્યા બાદ તેમના દ્વારા ખોઈ નાખવામાં આવ્યો છે. આ મુદ્દે વાલીઓએ ભારે હોબાળો કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને સવારે રાષ્ટ્રગાન અને પ્રાર્થના પણ બંધ કરી દેવામાં આવી હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો છે. બે દિવસ વિરોધ કર્યા બાદ આજે 14 ઑગસ્ટે પણ બજરંગ દળના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં પોસ્ટર અને બેનર સાથે પહોંચીને શાળામાં હલ્લાબોલ કર્યો હતો. કાર્યકર્તાઓ વિરોધ કરવાના હોવાથી શાળાના બંને ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા. જેથી રોષે ભરાઈ કાર્યકર્તાઓ દરવાજા કૂદીને શાળામાં ઘૂસી ગયા હતા. તેમજ ગેટ પર લગાવવામાં આવેલું તાળું પણ પથ્થરથી તોડી નાખ્યું હતું.

# સોલા ઉમિયા કેમ્પસની હોસ્ટેલ પરથી કૂદીને સગીરનો આપઘાત: એક દિવસ પહેલા જ ગામડેથી આવ્યો હતો

અમદાવાદ

અમદાવાદના એસજી હાઈવે પર સોલા ઉમિયા કેમ્પસમાં જે. એસ. પટેલ(આજોલ) બોયઝ હોસ્ટેલમાં રહેતા 16 વર્ષના સગીર તુષાર દોલતભાઈ પટેલે હોસ્ટેલ પરથી પડતું મૂકીને આપઘાત કર્યો છે. સોલા પોલીસની ટીમે સ્થળ ઉપર પહોંચી મૃતદેહને પીએમ માટે મોકલી અકસ્માત મોત નોંધી કાર્યવાહી કરી છે. સગીરના આપઘાત પાછળનું કારણ હજી સુધી જાણવા મળ્યું નથી.



ગઈકાલે(13 ઓગસ્ટ) તુષાર બોયઝ હોસ્ટેલના 11 અને 12માં માળની વચ્ચે આવેલી ખુલ્લી જગ્યા પરથી કૂદી ગયો હતો. હોસ્ટેલની નજીક જ આવેલી આર.સી ટેકનિકલ કોલેજમાં ડિપ્લોમા મિકેનિકલના પ્રથમ વર્ષમાં મૃતક અભ્યાસ કરતો હતો અને હોસ્ટેલમાં છેલ્લા એક મહિનાથી રહેતો હતો.

દોઢ મહિના પહેલા જ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ હોસ્ટેલનું ઉદ્ઘાટન કર્યું હતું. મૂળ દેત્રોજના ગીતાપુર ગામના રહેવાસી સગીર એક દિવસ પહેલા જ ગામડેથી હોસ્ટેલ પર આવ્યો હતો.

યુવક કોંગ્રેસનું 'બેટર સિટીઝ' અભિયાન લોન્ચ

# શહેરમાં લોકોની સમસ્યા સાંભળવા 15 ઑગસ્ટથી ઘર-ઘર સુધી જશે કાર્યકર્તા

અમદાવાદ

અમદાવાદ યુવક કોંગ્રેસ દ્વારા શહેરમાં 'બેટર સિટીઝ' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. હવે યુવક કોંગ્રેસ પણ લોકોના પ્રશ્નો સીધા તેમના ઘર સુધી જઈને સાંભળશે. આ અભિયાનમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં 6 યુનિયન સાથે મળીને અંદાજે 300 બેઠક યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સફાઈ કર્મચારીઓ, ઘરોમાં કામ કરતી બહેનો, સુરક્ષા ગાર્ડ, ઓટો-ટેક્સી ચાલકો, લારી-પાથરણાવાળા અને ડિલિવરી રાઈડર્સ સહિતના વર્ગો સાથે બેઠક કરી તેમના પ્રશ્નો અને સમસ્યાઓ જાણશે. યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓ જનતાના ઘરે જઈ તેમની સમસ્યાઓ સાંભળશે. જે બાદ લોકોને સાથે આંદોલનના કાર્યક્રમ કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.


સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખથી લઈને તમામ કાર્યકર્તાઓ લોકોની સમસ્યા




સંભાળવા ઘર ઘર સુધી ગયા હતા. તેમજ તેના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ ચૂંટણીમાં કોંગ્રેસને ચૂંટણીમાં જોઈએ તેવું પરિણામ મળી શક્યું નહીં. ત્યારે અમદાવાદ સહિત રાજ્યના તમામ મોટા શહેરોમાં આ અભિયાન થકી યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓ જનતા સુધી જશે. લોકોની સમસ્યા સાંભળ્યા બાદ તેનું નિરાકરણ લાવવા આવેદનપત્રથી લઈ આંદોલનનાત્મક કાર્યક્રમ પણ કરવાની તૈયારી દર્શાવી છે.

જનતાને સાથે રાખી યુવક કોંગ્રેસ દ્વારા અધિકારીઓ પાસેથી સમસ્યાનું નિરાકરણ કેટલા દિવસમાં કરવામાં આવશે તેની લેખિત બાંહેધરી લેશે. જો નક્કી કરાયેલા સમયગાળામાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. યુવક કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે, અમદાવાદના પૂર્વ વિસ્તારના નાગરિકો સાથે નેતાઓ અને અધિકારીઓ દ્વારા ભેદભાવ કરવામાં આવે છે.

# ભદ્રેશ્વરમાં 16 વર્ષની સગીરાનો આપઘાત: લઘુમતી સમાજના યુવકનું પ્રેમ સંબંધ રાખવા દબાણ



અમદાવાદ

શહેરના ભદ્રેશ્વર વિસ્તારમાં રહેતી 16 વર્ષીય સગીરાએ ગળાફાંસો ખઈ આપઘાત કરી લીધો છે. ભૂતકાળમાં પાડોશમાં રહેતા સિદ્ધ ધર્મની યુવક દ્વારા યુવતીને પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરવામાં આવતું હતું. વારંવાર યુવતીને પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હોવાથી છેવટે કંટાળીને સગીરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સમગ્ર મામલે એરપોર્ટ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. પરિવારજનોએ વિધર્મી યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તાત્કાલિક આરોપીની ધરપકડ કરી લીધી છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી ચાવડાએ જણાવ્યું હતું કે 16 વર્ષીય સગીરા દ્વારા ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેવામાં આવી હતી જેમાં પરિવારજનોએ યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પ્રેમ સંબંધ રાખવાનું દબાણ કરતો હોવાથી આખા કર્યો હોવા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક ધોરણે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી મુજબ શહેરના ભદ્રેશ્વર વિસ્તારમાં 16 વર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહેતી હતી. ફેબ્રુઆરી મહિનામાં સગીરા ઘરે હાજર મળી આવી નહોતી ત્યારબાદ મોડી રાત્રે રખિયાલ વિસ્તારમાં રહેતા નસીમ ઉર્ફે અન્સારી નામનો યુવક તેને બાઈક પર ભદ્રેશ્વર બસ સ્ટેન્ડ પાસે ઉતારીને જતો રહ્યો હતો.

નારોલ ગુજરાતી શાળા નંબર 1/2 ફરી વિવાદમાં આવી

# વિદ્યાર્થીઓ પાસેથી બાળમજૂરી કરાવતો વીડિયો વાયરલ : અધિકારીઓને સસ્પેન્ડ કરવા માંગ કરાઈ

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડ સંચાલિત નારોલ ગુજરાતી શાળા નંબર 1/2 ફરી એકવાર વિવાદમાં આવી છે. શાળાના બાળકો પાસે કામ કરાવવામાં આવતું હોય તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શિક્ષણ તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ મામલે કોંગ્રેસ દ્વારા નારોલ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને સસ્પેન્શનની માંગ કરવામાં આવી છે.

નારોલ શાળા નંબર 1/2 ના ગેટ પાસે 5થી 6 જેટલા વિદ્યાર્થીઓ શાળાના ડ્રેસમાં જ પક્કડ અને ડિસમિસ જેવા સાધનો વડે જાળી ફિટ કરવાની મજૂરી કરતા વીડિયોમાં કેદ થયા છે. સ્થાનિકો અને



નેતાઓ દ્વારા પૂછપરછ કરવામાં આવતાં બાળકોએ જણાવ્યું હતું કે 'સરે કામ કરવાનું કહ્યું હતું'. ઉલ્લેખનીય છે કે, આ ઘટનાના એક દિવસ પહેલા જ શાળાના બાળકો લીલ જામેલી ટાંકીમાંથી ગંદુ પીવાનું પાણી પીતા હોય અને હલકી ગુણવત્તાનું ભોજન આપવામાં આવતું હોય તેવો વીડિયો પણ વાયરલ થયો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાજેશ સોનીએ આ મામલે તીખી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સરકાર એક તરફ બાળમજૂરી નાબૂદીની વાતો કરે છે અને બીજી તરફ મનપાની પોતાની જ શાળાઓમાં 8 થી 10 વર્ષના નિર્દોષ બાળકો પાસે મજૂરી કરાવવામાં આવી રહી છે. 'શાળાનો ગણવેશ પહેરીને કયા મજૂરો કામ કરવા આવે?' તેવો સવાલ ઉઠાવી તેમણે AMC ની સ્માર્ટ સ્કૂલોના દાવાઓ સામે વરવી વાસ્તવિકતા ઉજાગર કરી છે.

# સિંધુ ભવન રોડની ગ્વાલિયા રેસ્ટોરન્ટની મોંઘી ઘેવરમાંથી વાળ નીકળ્યો!!

## સંચાલકના બેજવાબદાર વર્તન બાદ AMC ફૂડ વિભાગે માત્ર ₹10,000નો દંડ ફટકારી સંતોષ માન્યો

અમદાવાદ

અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલી પ્રખ્યાત 'ગ્વાલિયા રેસ્ટોરન્ટ'માંથી ખરીદેલા ઘેવરમાંથી વાળ નીકળવાના વિવાદમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગે માત્ર રૂ. 10,000 નો દંડ ફટકારીને સંતોષ માન્યો છે. ગ્રાહકે આ બાબતે સંચાલકને રજૂઆત કરી ત્યારે બેજવાબદારીપૂર્વકનો જવાબ મળતાં સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. જોકે, ફૂડ વિભાગે લાયસન્સ અને પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટનું બહાનું ધરી સીલ મારવાને બદલે માત્ર નજીવો દંડ કરતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. બાવળાના રહેવાસી મૌલિકભાઈ ભરવાડે સિંધુભવન રોડ સ્થિત ગ્વાલિયા રેસ્ટોરન્ટમાંથી ઘેવર ખરીદ્યું હતું. ઘરે પાર્સલ ખોલતાં જ મીઠાઈમાંથી વાળ મળી આવ્યો હતો. મૌલિકભાઈએ આ અંગેનો વીડિયો બનાવીને સંચાલકને મોકલ્યો ત્યારે સંચાલકે ભૂલ સ્વીકારવા કે દિલગીરી વ્યક્ત કરવાને બદલે 'તમારે શું કરવું છે?' અને કાયદાકીય કાર્યવાહીની વાત પર 'સારું' કહીને ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો હતો. ગ્રાહકે બાળકના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરવા છતાં સંચાલકે બેજવાબદાર વલણ દાખવ્યું હતું. આ ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ એએમસીના ફૂડ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવાને બદલે માત્ર રૂ. 10,000 નો દંડ ફટકારવામાં આવ્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI